સુવિચાર

આંખ અને કાન હંમેશા ઉઘાડા રાખવા જોઈએ. પણ મોઢું ઘણી વખત બંધ રાખવામાં શાણપણ રહેલું હોય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૧૨/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૦૧૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

સિંહ અને દીપડાઓનાં ફફડાટ વચ્ચે વધારાની મુશ્કેલી

રાજુલા, જાફરાબાદ પંથકમાં “નીલગાય”નાં કારણે ખેડૂતો પાયમાલ

કરોડો રૂપિયાનો ખર્ચ વન્ય પ્રાણીઓની સુરક્ષા, જાળવણી માટે થાય છતાં વન વિભાગની નિષ્ક્રીયતા દૂર થતી નથી

ખેડૂતો અને વન્ય પ્રાણીઓ બંનેને કોઈ પરેશાની ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાતી નથી

વિકસિત ભારત યાત્રાથી કશું નહી વળે તેના માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાથી વિકાસ થશે

જગતાત ગણાતા ખેડૂતોની અર્ધી આવક તો વન્ય પ્રાણીઓ આરોગી જતાં હોય છે

રાજુલા, તા. ૨૬

રાજુલા-જાફરાબાદ તાલુકામાં સિંહ અને દીપડાની વસ્તી વધતા હવે ખેડૂતોને પાયમાલ કરતી નીલગાય. રાજુલા તાલુકાના ૭૨ ગામ અને જાફરાબાદ તાલુકાના ૪૫ ગામ આ ગામડાઓમાં કોઈ ગામ એવું બાકી નહીં હોય કે જયાં સિંહ અને દીપડાની વસ્તી અને આંટાફેરા ન હોય. એના કારણે નીલગાય એટલે કે રોજડાની વસ્તી હવે ગ્રામ્ય વિસ્તારના ખુલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

પ્રતિકાત્મક તસ્વીર

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)

એકલા છો તો... વિચારો પર નિયંત્રણ રાખો
અને સૌની સાથે છો તો જીભ પર નિયંત્રણ રાખો...

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Jaya Art & Culture
ગર્લ્સ સ્કૂલના મેદાનમાં ,નાગનાથ મંદિર પાસે , અમરેલી
ધૂમ ગીર્દી વચ્ચે શરૂ છે...
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઇન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે
ટીકીટના દર : વી.આઇ.પી. રૂા. ૧૫૦
ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦ - સેકન્ડ કલાસ - રૂા. ૭૦
અલ્ટ્રા લેસર લાઇટ્સ ઇફેક્ટ, અદ્યતન સાઉન્ડ સીસ્ટમ, શહેનશાહી પોષાક અને અતિ વિશાળ કાફલા સાથે સતત આશ્ચર્ય અને આનંદ આપતું નિર્દોષ પારિવારિક મનોરંજન માણવા સહકુટુંબ પધારો..
: સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય :
સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજિક સંસ્થાના શો માટે સંપર્ક કરો.
મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઇવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.

જાદુગર તેજા
જાદુગર વૈતાલ

એનીવર્સરી કાર્નિવલ
મેગા એક્ઝીબીશન સેલ
વર્ષનાં સૌથી સસ્તા સાત દીવસ

5%* થી 50%* સુધીનું ભવ્ય ડીસ્કાઉન્ટ
ફાઈનાન્સ તથા ક્રેડીટ કાર્ડ પર આકર્ષક કેશબેક
25 થી 31 ડીસે.2023 સવારે 9 થી રાત્રે 9 સુધી
એક્ષચેંજ ઓફર
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર

BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...

- Mixer Grinders • Buit-in ovens • Buit-in hobs • Gas Cooktop
- Freestanding Range Cookers • Steam appliances • Microwaves
- Chimneys • Warming Drawers • Cooking & Banking Accessories
- Washing Machines • Washer Dryer • Dishwasher • Fridges & Freezers
- Food Processors • Hand belnders • Hand mixers • Juice extractors

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE BAJAJ FINSERV HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
AMRELI'S No 1 Since 1994

અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
આમ આદમીનું અખબાર

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

અમરેલી એક્સપ્રેસ

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં ગામોમાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

માર્કેટયાર્ડમાં કમીશન એજન્ટનું કામ કરનારનાં મકાનમાં તસ્કરો ઘુસ્યા

અમરેલીનાં સંસ્કાર રેસીડેન્સીમાંથી રૂપિયા એક લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી

મકાન બંધ હોય તસ્કરો કળા કરી જતાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૬

અમરેલીમાં આવેલ કેરીયા રોડ વિસ્તારની સંસ્કાર રેસીડેન્સીમાં ઉદયભાઈ રીબડીયાનાં મકાનમાં રહેતા અને મુળ અમરેલીના મોટા ભંડારીયાનાં વતની અમરેલી નવા માર્કેટયાર્ડમાં કમીશન એજન્ટ તરીકે શ્યામ એન્ટરપ્રાઈઝ નામની દુકાન ચલાવતા ચંદુભાઈ ભીખાભાઈ રાખોલીયા નામના ૫૧ વર્ષિય વેપારી ગત તા. ૨૨/૧૨નાં રોજ સવારનાં આશરે આઠેક વાગ્યે પોતાના પરિવાર સાથે મોટા ભંડારીયા ગામે પોતાના દીકરાના લગ્નની તૈયારી કરવા ગયેલ હતા. અને તેઓ ભંડારીયા ગામે ત્રણ દિવસ રોકાયેલ અને ગત તા. ૨૫/૧૨ નાં સવારનાં આશરે દસેક વાગ્યે ઘરે પરત આવેલ. ત્યારે તેમનું અમરેલીના કેરીયા રોડ વિસ્તારની સંસ્કાર રેસીડેન્સીમાં આવેલ ઘરના મેઈન દરવાજાનું તાળુ તથા અંદરનાં રૂમના દરવાજાનું તાળુ તૂટેલ હતું. રૂમમાં આવેલ લોખંડની તિજોરીમાં રાખેલ રોકડા આશરે રૂપિયા ૫૦,૦૦૦ તથા લેડીઝ પર્સમાં રાખેલ ત્રણ હારની કાળા મોતીવાળી સોનાની દાણા ડિઝાઈનની સરવાળુ મંગળસુત્ર જેનું વજન દોઢ તોલાનું જેની કિંમત રૂપિયા ૫૦,૦૦૦ એમ કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ની કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા વધુ તપાસ હાથ ધરી છે.

સ્થાનિક પી.આઈ.ની ટીમે દરોડો પાડયો

રાજુલાનાં અમુલી ગામે જુગાર રમતાં ૪ પત્તાપ્રેમી ઝડપાયો

અન્ય બે પત્તાપ્રેમીઓ નાસી છુટયા

રાજુલા, તા. ૨૬

રાજુલાનાં અમુલી ગામે હારજીતનો જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓની પોલીસે રૂપિયા ૧૧૨૯૦નાં મુદ્દામાલ સાથે અટકાયત કરેલ છે અને નાસી છુટેલ અન્ય બે પત્તાપ્રેમીઓની શોધખોળ આદરી છે.

આ કામગીરી રાજુલા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર સુ.આઈ.જે. ગીડાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ અના. એ.એસ.આઈ. નવઘણભાઈ ભગવાનભાઈ સિંધવ તથા સર્વેલન્સ સ્કોડનાં અના. હેડ કોન્સ. જયેન્દ્રભાઈ સુરગભાઈ બસીયા તથા અના. હેડ કોન્સ. હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ તથા અના. હેડ કોન્સ. સંજયભાઈ કનુભાઈ ધાધલ તથા પો.કોન્સ. મહેશભાઈ ગણેશભાઈ બારૈયા તથા લોકરક્ષક મયુરભાઈ રમણીકભાઈ કલસરીયાનાઓ દ્વારા કરાયેલ છે.

આગોતરી જાણકારી વગર જ વીજ પુરવઠો બંધ

અમરેલી શહેરમાં પીજીવીસીએલે કલાકો સુધી વીજ પુરવઠો બંધ કરતા રોષ

તગડો ચાર્જ વસુલતી કંપનીએ શ્રેષ્ઠ સેવા આપવી જોઈએ

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાકક્ષાનું શહેર હોવા છતાં સગવડ વધવાનાં બદલે ઘટતી જાય છે. રેલ્વે, એસ.ટી. સહિતની જરૂરી સુવિધા પુરતી નથી ત્યાં જિલ્લાકક્ષાનાં શહેરમાં પીજીવીસીએલ ધ્વારા ગમે ત્યારે લાઈટ બંધ કરી દઈ ચાર–પાંચ કલાક સુધી લોકોને બાનમાં રાખે છે.

પીજીવીસીએલ ધ્વારા ૧ રૂપિયાની વસુલાત માટે થઈ ગ્રાહકને કોર્ટમાં ઘસડી જાય છે અથવા તો જેમને લાઈટનાં મીટર નથી તેવા લોકોને મસમોટા લાઈટબીલ ફટકારવામાં પાવરધી બનેલી વીજ કંપની લોકોને સગવડ આપવામાં છેલ્લી પાયરી ઉપર બેસી જાય છે.

અમરેલી શહેરમાં ગુરૂવારનાં રોજ રીપેરીંગ માટેનો સમય નકકી કરી લાઈટ બંધ કરી દેવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાંક દિવસોથી આ વીજ કંપની ગમે ત્યારે લાઈટ કાપ કરી લોકોને મુશ્કેલીમાં મુકી દે છે.

વીજ ચેકીંગનાં નામે શહેરીજનોનાં ઘરમાં રાત્રીનાં પણ આતંકવાદીઓની જેમ ઘુસી આવતા આ વીજ કર્મીઓ, અધિકારીઓ ગ્રાહકોને રાત્રે પણ લાઈટ આપવામાં અનેક વખત નિષ્ફળ રહ્યાં છે.

અમરેલી શહેરમાં ગમે ત્યારે લાઈટ પુરવઠો બંધ થઈ જાય છે. ત્યારે લોકો ધ્વારા ફોલ્ટ સેન્ટરમાં ફોન કરવામાં આવે તો ફરજ પરના કર્મીઓ લેન્ડ લાઈન અથવા તો મોબાઈલ ફોન પણ ઉપાડવાની તસ્દી લેતા નથી. જયારે અધિકારીઓનો સંપર્ક કરવામાં આવે તો આ વીજ કંપનીનાં અધિકરીઓ પણ પોતાની લાચારી દર્શાવી થોડી વારમાં લાઈટ શરૂ કરાવી આપવા માત્ર આશ્વાસન જ આપે છે. કેટલાંક માથાભારે વીજ કર્મીઓ અધિકારીઓને પણ જવાબ આપતા ન હોય તેમ પણ જાણવા મળેલ છે.

ધારાસભ્ય મહેશ કસવાલાનાં વરદ હસ્તે

સાવરકુંડલાનાં ઘાંડલા ગામે રૂપિયા ૪૮ લાખનાં વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું

ગામનાં સરપંચ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા/લીલીયા વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે ધાંડલા ગામે પણ ગ્રામજનોની ઉપસ્થિતિમાં રૂા.૩૧ લાખનાં ખર્ચે બનેલ ૧.૨૫ લાખ લીટર પાણીની ઓવર હેડ ટાંકીનું લોકાપણ કર્યુ હતું. આ સાથે ઘાંડલા ગ્રામજનોને મહેસુલી સુવિધાઓ સરળ રીતે મળી શકે તેવા શુભ આશયથી રૂા.૧૭ લાખનાં રકમ સાથે મંજુર કરાવેલ ગ્રામ સચિવાલય (ગ્રામ પંચાયત) બિલ્ડીંગનું પણ લોકાર્પણ કર્યુ હતું. આ લોકાર્પણમાં સરપંચ શ્રીમતિ જયાબેન કાતરીયા, ઉપસરપંચ દિલુભાઈ ખુમાણ, સાવરકુંડલા એટીવીટી સદસ્ય અને ગામનાં માજી સરપંચ દિનેશભાઈ કાતરીયા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા સરપંચ એશોશિયેશનનાં અધ્યક્ષ હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી, હરેશભાઈ ભુવા વિજપડી તથા ગ્રામ પંચાયત સભ્યો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિતી રહયા હતા. અને અંતમાં ધારાસભ્ય મહેશ કસવાલાએ પોતાનાં પ્રવચનમાં આવનારા સમયમાં ઘાંડલા ગામને હજુ આનાથી વિશેષ રૂડું અને રળિયામણું બનાવવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. તેમ 'અટલધારા' કાર્યાલય ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવેલ છે.

ગુમ થયેલ, કે ચોરાઈ ગયેલ મોટર સાઈકલ શોધી કાઢી મુળ માલીકોને પરત અપાવતી કોડીનાર પોલીસ

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

કોડીનાર પોલીસ સ્ટેશન થાણા અધિ. આરે.એ. ભોજાણીની સુચના પો.સબ. ઈન્સ. કે.એમ. ચાવડાનાં માર્ગદર્શન મુજબ હાલનાં સમયમાં જાહેર જનતાની મોટર સાઈકલ ગુમ થવાના કે, ચોરાઈ જવાના બનાવો વધુ પ્રમાણમાં બનતા હોય જે અનુસંધાને જરૂરી કાર્યવાહી કરી શોધી કાઢવાનાં સંનિષ્ઠ પ્રયાસો અન્વયે ઉપરોકત બનાવો બાબતે ખુબ જ ખંત અને મહેનતપૂર્વક કામ કરતા કોડીનાર ટાઉન બીટના એ.એસ.આઈ. એ.ડી. ધાધલ, પો.કોન્સ. ભીખુશા બચુશા જુણેજા, પો.કોન્સ. ભગવાનભાઈ જીણાભાઈ રાઠોડ એમ સંયુકત કામગીરીમાં જોડાઈ અરજદારની ઈ અરજી અન્વયે પોતાનું મો.સા. હિરો સુપર સ્પ્લેન્ડર જેનાં રજી નં. જીજે–૩૨–એફ–૩૨૧૦ જે તે સ્થિતિમાં પરત સોંપી આપી પ્રસંશની કામગીરી કરી હતી.

રાજુલા : ભારત પેટ્રોલ પંપમાં ભરેલ ગેસની ગાડી લીકેજ થતા અફડા તફડીનો માહોલ

રાજુલા, તા. ૨૬

રાજુલાના હિંડોરણા રોડ પર આવેલ ભારત પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ–ડીઝલ અને સીએનજી ગેસનું વેચાણ કરવામાં આવે છે. આ પંપ ઉપર સીએનજી ભરેલી ગાડી અચાનક જ લીકેજ થતા આ વિસ્તારમાં અફડા તફડીનો માહોલ સર્જાયેલ. આ રોડ મુખ્ય રોડ પર હોય વાહનોની અવરજવર પણ ખુબ જ વધુ હોય છે ત્યારે આ ગેસ લીકેજ થતા પેટ્રોલ પંપ વાળા તરફથી પોલીસ કે ફાયરની કોઈપણ જાતની જાણ કરાવમાં આવેલ ન હતી કોઈપણને જાણ શા માટે કરવામાં ના આવી ? ત્યારે આ ગાડીના ડ્રાઈવર અને પંપના માણસો દ્વારા આ ગાડીના વાલ બંધ કરવા મહેનત ચાલુ કરેલ ત્યારે ભારે જહેમત બાદ આ ગાડી ના ટાંકી ના વાલ બંધ કરતા આ ગેસ બંધ થવા પામેલો ત્યારે જો આ ગેસ બંધ ન થયો હોત અને કોઈ દુર્ઘટના સર્જાઈ હોત તો જવાબદારી કોની ? શા માટે ફાયર ને જાણ ના કરી ?

સીએનજી તરફથી આગેસનું પરિવહન જે કરવામાં આવે છે કે ગાડીઓને આરટીઓમાં ફિટનેસ લેવામાં આવે છે કે કેમ તે પણ તપાસનો વિષય. જો કોઈ ઘટના બને તો આ પંપ પર આગ બુઝાવવા માટે ની કોઈ સુવિધા કરવામાં આવેલ છે કે કેમ ? જો આ વાહનનો ગેસ ચાલુ રસ્તે લીકેજ થયો હોત તો ? જયાં આ ગેસ લીકેજ થયો ત્યાં પણ પેટ્રોલ પંપ છે અને તેની બાજુમાં પણ બીજો પંપ છે તો કેવી ઘટના બને ? આવી બાબતો માં જવાબદાર કોણ ? જો સીએનજી ફોર વ્હીલ ગાડીમાં ગેસનું પાસિંગ ના હોય તો પંપવાળા તરફથી ગેસ પુરી આપવામાં આવતો નથી તો આવા સમયે આ ગેસનું વાહન છે તેનું પાસિંગ થયું છે કે કેમ તે બાબતે પણ ચર્ચા શરૂ થઈ છે.

સા.કુંડલાના માનવ મંદિર ખાતે લોકસાહિત્ય સેતુની બેઠક યોજાઇ : કવિ જે.પી. ડેરનાં કાવ્યસંગ્રહનું વિમોચન થયું

લોકસાહિત્ય સેતુ
-૨૦૨૩, રવિવાર ◆ સ્થળ : માનવમં

લોકસાહિત્ય સેતુ અમરેલીની નિયમિત ૧૧૨મી બેઠક સાવરકુંડલામાં માનવ મંદિર સ્થળે પરમ પૂજય ભકિતરામબાપુના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી. પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીએ પોતાની આગવી શૈલીમાં લોકસાહિત્યના દુહાથી સહુને આવકાર્યા. આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી. લોકસાહિત્ય સેતુના સંતવાણીના કલાકાર કેવિનભાઈ રોકડે ગણપતિ સ્થાપના કરી, ચંદ્રકાંતભાઈ બારોટ લોકસાહિત્ય પીરસ્યુ. બાલ કલાકાર ઉર્વશીબેન બારોટ લગ્ન ગીત અને લોકગીતની રમઝટ બોલાવી, રમેશભાઈ જાદવે લોકસાહિત્યના સુંદર પ્રસંગો આપ્યા. બાળ કલાકાર તનાક્ષીબેન જાદવ, દીવથી પધારેલા કીર્તિકાબેન, તન્વીબેન હિરપરા, રીયાબેન વાઘેલા, રાજુલાના કવિ હેમાળવી, અશોકભાઈ દેવમુરારી જેવા કલાકારોએ ભરપૂર લોક સાહિત્ય પીરસી સૌને મોજ કરાવી. બેઠકના બીજા દોરમાં મહાનુભાવોના સન્માન તેમજ પુસ્તકનું પ્રાગટયોત્સવ કરવામાં આવ્યું. જેમાં સહુપ્રથમ પરમ પૂજય ભકિતરામબાપુનું શાલ અને ફુલહારથી ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું. લેખક અને કવિ જે.પી. ડેરનું વરસડા દરબાર દેવકુભાઈ વાળાએ સુંદર સાફો બાંધી સન્માન કર્યું. ડોકટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, આપણું કુંડલાના તંત્રી અને માલિક બીપીનભાઈ પાંધી, મૂર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણા, ડોકટર કનુભાઈ કરકર, પ્રહલાદભાઈ દવે, મયુરભાઈ દવે, લાલાવદરના હોનહાર ભરવાડ જ્ઞાતિના યુવાન ગોપાલભાઈ રાઠોડની મંગલા આરતી કરવામાં આવી. ઉનાથી પધારેલા નરેન્દ્રભાઈ ગોસ્વામી, દાર્શનિકભાઈ વાજા, લોકસાહિત્યકાર મનસુખભાઈ વસોયા, માનસિંગભાઈ દીવ, અને સુધીરભાઈ મહેતા, ડો. પ્રજાપતિ દંપતી, ભાવેશભાઈ વ્યાસ જેવા મહાનુભાવોનું શાલ પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. પ્રસંગોચિત વકતવ્ય મોટાભાઈ સંવટ, ડો. કનુભાઈ કરકર, મનસુખભાઈ વસોયાએ આપ્યા. પુસ્તક પ્રાગટયોત્સવ અંગે લેખક કવિ જે.પી. ડેર એ પ્રતિભાવ આપતા પોતાનો રાજીપો વ્યકત કર્યો. કાર્યક્રમને રાજૂલાના પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર, અમરેલીના પ્રખર જયોતિષી રજનીભાઈ ભટ્ટ, લોકસાહિત્ય સેતુના ખજાનચી હસુદાદા જોશી, મહામંત્રી ગોરધનભાઈ સુરાણી, અમેરિકા સ્થિત મનિષાબેન પંડયા, નારણભાઈ ડોબરીયા તરફથી મળેલા શુભેચ્છા સંદેશાનું વાંચન કરવામાં આવ્યું. બાલભવનના ચેરમેન તેમજ બોરીવલી મુંબઈના પૂર્વ ધારાસભ્ય હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, મોટાભાઈ સંવટ લોકસાહિત્યની આવી સુંદર પ્રવૃત્તિથી ખુશી વ્યકત કરી. અધ્યક્ષ સ્થાનેથી સંતશિરોમણી પૂ. બાપુશ્રીએ રૂડા આશિર્વાદ વરસાવ્યો. આભાર દર્શન લોક સાહિત્ય સેતુ સંસ્થાના ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયા એ પોતાની આગવી શૈલીમાં કર્યું. કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ જોશીએ કર્યુ કાર્યક્રમને અંતે પરમ પૂજય ભકિતરામ બાપુએ આગ્રહ કરી સહુને પ્રસાદ ભોજન કરાવ્યું. આમ ભવ્યાતિભવ્ય ભવ્ય કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત જેસીંગપરા શાળાનાં શીતલબેન મકાણી નામના

અમરેલીનાં શિક્ષિકાનો નવતર પ્રયોગ દ્વારા બાળકોને શિક્ષણ આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ

નાના ભુલકાઓને ડીઝીટલ ટેકનોલોજીનાં સથવારે ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે તેવું નેટવર્ક તૈયાર કર્યુ

તમામ પ્રાથમિક ધોરણનાં તમામ વિષયનાં કયુઆર કોડથી તરત જ મોબાઈલ, ટીવી, કોમ્પ્યુટર દ્વારા સરળતાથી ઓપરેટ થઈ શકે

સમગ્ર રાજયમાં કોઈપણ શાળા, શિક્ષક કે વિદ્યાર્થી પણ કયુઆર કોડ સ્કેન કરીને ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકશે

શિક્ષણ સમિતિનાં ચેરમેન અને શિક્ષણવિદ્‌ તુષાર જોષીએ પુરતું પ્રોત્સાહન આપીને શિક્ષિકાનો ઉત્સાહ વધાર્યો


STUDY GAMES
STUDY GAMES
STUDY GAMES
STUDY GAMES
ધોરણ 4 સત્ર 2
ધોરણ 5 સત્ર 2
ધોરણ 6 સત્ર 2
ધોરણ 7 સત્ર 2
ધોરણ 8 સત્ર 2

અમરેલી, તા. ૨૬

રમતો ધ્વારા શિક્ષણ એ આપણી પૌરાણિક શિક્ષણ પધ્ધતિઓમાની એક છે. રમત ઓનલાઈન હોય કે ઓફલાઈન જો રમત ધ્વારા શિક્ષણ થાય તો એ વધુ અસરકારક અને વધુ સફળ નિવડે છે એ આપણે સૌ જાણીએ છીએ. બાળકોમાં હાલના સમયમાં ઓનલાઈન રમતની ઘેલછા પણ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે ત્યારે આવી ઓનલાઈન ગેમ જો તેમના જ ભણવાના વિષયોની હોય તો બાળકોને રસપૂર્વક ભણતા કરી શકાય. આજના સમયમાં દરેક ઘરમાં મોબાઈલ અને ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે ત્યારે બાળકો આ સુવિધાનો સુચારૂ ઉપયોગ કરતા થાય અને શિક્ષણ મેળવતા થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત જેસીંગપરા કન્યા શાળાની વેબસાઈટ www.jesingparakanyashala.in ઉપર STUDY GAME નામે પેઈઝ તૈયાર કરી તેમાં ધોરણ ચારથી આઠનાં દરેક સાક્ષરી વિષયોના સત્ર મુજબ સબપેઈઝ બનાવી તેમાં તે દરેક વિષય માટે તૈયાર થયેલી ગેમ મુકવામાં આવેલી છે. ધોરણ ૧ થી ૩ નાં બાળકો માટે FLN પેઈજ તૈયાર કરાયું છે. સાથે બેઈઝિક લેવલથી અંગ્રેજી શીખવા અંગ્રેજી સ્ટેપ ૧ નામે પેઈઝ ઉપર ગેમ મુકાઈ છે. આમ હાલ ૮૮૯ જેટલી ગેમ અપલોડ કરી દીધેલ છે અને આગળ કાર્ય શરૂ છે.

આ ગેમ શાળાના શિક્ષિકા બહેન શીતલબેન મકાણી તથા શાળામાં અભ્યાસ કરતાં બાળકોનાં પ્રયાસોથી તૈયાર થયેલી છે. આ દરેક ગેમ મોબાઈલ, ટેબલેટ, લેપટોપ, કમ્પ્યુટર અને સ્માર્ટ ટીવી ઉપર આસાનીથી રમી શકાય તેવા પ્રકારે ગોઠવાયેલી છે. તેમાં શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી, શાસનાધિકારી આશિષ જોષી તથા ટીમ, આચાર્ય, શિક્ષિક અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂ પાડી રહી છે.

ગેમ બનાવવાનો ઉપદેશ્ય બાળકોમાં વિવિધ વિષયો શીખવાની વધુ અનુકુળતા રહે, બાળક પોતાની ક્ષમતાએ શીખી શકે, વિવિધ વિષયોમાં રસ કેળવતો થાય, પોતાનું મૂલ્યાંકન જાતે કરે, સાચા જવાબ જાણી શકે અને ટેકનોલોજીનો સુચારૂ ઉપયોગ તરફનો તેનો દ્રષ્ટિકોણ વિકસે તે હેતુ રહેલો છે.

આ ગેમ રમાડવાથી વાલી પણ પોતાના બાળકોની ક્ષમતાને તપાસી શકે છે. સાથે સાથે શિક્ષકોને પણ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કાર્ય કરવા માટે આ ગેમનો ઉપયોગ કરી શકે છે. આમ વિદ્યાર્થી, વાલી અને શિક્ષક ત્રણેયને આ ગેમ ખૂબ ઉપયોગી છે.

સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર જગાવનાર

ઉનામાંથી ઝડપાયેલ નકલી આધારકાર્ડ કૌભાંડનાં આરોપીઓનાં રીમાન્ડ મંજુર

૩ આરોપીને કોર્ટમાં રજૂ કરાતા ૪ દિવસનાં રીમાન્ડ મંજુર

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

ઉના બસ સ્ટેશનની સામેના ભાગેથી ડુપ્લીકેટ આધાર પુરાવાઓ બનાવી આધારકાર્ડ બનાવવાનું કૌભાંડ ચાલી રહેલ હોય જે અંગેની જાણ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમને થતાં આ કૌભાંડ કરનારાઓને રંગે હાથ ઝડપી પાડયા હતાં. જેમાં અસલમ ઈસ્માઈલ શેખ, સબીર શરીફ સુમરા, જાવીદ ઉર્ફે ભુરો મનસુરી રહે તમામ ઉનાવાળાઓને રીમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતાં. જેમાં પોલીસ દ્વારા દસ દિવસનાં રિમાન્ડ માંગવામાં આવતા કોર્ટે ૪ દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ - અમરેલી

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ટેકનીશ્યન જોઈએ છે
નેટર્વકીગના જાણકાર તથા CCTV તેમજ કોમ્પ્યુટર ના જાણકાર
પ્રિસીશન ટેલીકોમ
દુ.નં.B-6, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટીંગ યાર્ડની અંદર, અમરેલી-૩૬૫૬૦૧ મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Hero
BIG XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
ડિસેમ્બર ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો
અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨


એકદમ ક્રિસ્પી
ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
• અમરેલી • સુરત • મોરબી
- લોકડાયરો
- હાસ્ય દરબાર ગરબા
- સંગીતસંધ્યા
- કોર્પોરેટઈવેન્ટ
- લગ્નગીત
- પ્રાઈવેટઈવેન્ટ
- રાસગરબા
- બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

YAMAHA RACING
FZ-S
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight
135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
॥ વંદે માતરમ્ ॥
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

કુંકાવાવ તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા માટે 3 કરોડ મંજૂર

ગાર્ડનીંગ માટે વધારાનાં ૧૫ લાખ પણ મંજૂર

અમરેલી, તા. ૨૬

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના યુવા ધારાસભ્ય એવા કૌશિક વેકરિયા જયારથી ધારાસભ્ય બન્યા છે. ત્યારથી મત વિસ્તારને વિકાસની એક પછી એક અનોખી ભેટ આપી રહ્યા છે. અમરેલી વિસ્તારની પ્રજાએ મુકેલો વિશ્વાસ લેખે લાગ્યો હોય એવું વિસ્તારની પ્રજા અનુભવી રહી છે. વિસ્તારના યુવા ધારાસભ્યના પ્રયત્નોથી કુંકાવાવ તાલુકાને નવું તાલુકા પંચાયત બિલ્ડીંગ મંજૂર કરવામાં આવ્યું છે.

તાલુકા પંચાયતના નવા બિલ્ડીંગ માટે કૌશિકભાઈ વેકરિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પંચાયત રાજયમંત્રી બચુભાઈ ખાબડને રજૂઆત કરી હતી. જેને ગ્રાહ્ય રાખીને સરકાર ધ્વારા રૂપિયા ૩ કરોડ દસ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. સાથે ગ્રાઉન્ડ લેવલ અને ગાર્ડનીંગ માટે રૂપિયા ૧૫ લાખના કામો મનરેગા યોજના હેઠળ અલગથી કરવાની પણ મંજૂરી મળી છે.

સરકારનાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા તા. ૨૬/૧૨/૨૩નાં લેટરથી આ કામને મંજૂરી મળતાં ટૂંક સમયમાં તાલુકા પંચાયતના નવા બિલ્ડીંગનું કામ શરૂ કરવામાં આવશે.

લાયન નેચર ફાઉન્ડેશનની માંગ

જાફરાબાદનાં ખારાપાટા વિસ્તારમાં મેંગુરનાં વૃક્ષોનું થતુ નિકંદન અટકાવો

રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૬

ખાંભાનાં લાયન નેચર ફાઉન્ડેશનનાં પ્રમુખ ભીખુભાઈ બાંટાવાળએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,સરકાર દ્વારા સમુદ્ર કિનારાનું મોજાથી ધોવાણ ન થાય એ માટો લાખો રૂપિયાના ખર્ચે મેંગુરના વૃક્ષોનું વાવેતર કરી સમુદ્ર કિનારાનું રક્ષણ અને ખારૂં પાણી ભુગર્ભમાં આગળ ન આવે જેથી જળ જમીન ના વ્યાપક ખારા પાણીને રોકવાનાં પ્રયાસ રૂપે મેંગુરનાં વૃક્ષો પોસ્ટલ વિસ્તારમાં વ્યાપક ાપણે વાવવામાં આવે છે. જે વૃક્ષોનાં કારણે પર્યાવરણનું પણ વ્યાપક રક્ષણ સહ સમુદ્ર કિનારાના ધોવાણ અટકાવીા શકાય છે.

વધુમાં જણાવેલ છે કે, ટીમ્બર માફિયાઓ દ્વારા જાફરાબાદ–રાજુલા રોડ ઉપર પુલની બાજુમાં ાસરકારી બાબુઓના નાક નીચે અને નજર સામે બેફામ રીતે મેંગુરનાં વૃક્ષોનું નિકંદન કાઢી સમુદ્રી જીવોનાં રહેણાંકની ઘોરખોદી ગેરકાયદે જેસીબીથી વૃક્ષોને જડ મુળમાંથી કાઢી પોતાનાં નિમ્ન સ્વાર્થ ખાતર પ્રકૃતિ અને પર્યાવરણને વ્યાપક પણે નુકશાના કરતા તત્વો સામે કાયદાનો ડંડો ઉગામી કાયદાની રાહે પગલાં લેવા અંતમાં ામાંાગા કરેલ છે.

પોલીસ અધિક્ષક હિમકરસિંહનાં માર્ગદર્શનતળે

અમરેલી જિલ્લામાં સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા વ્યસનથી થતાં નુકસાન સંબધી માર્ગદર્શન અપાયુ

૭૧ આરોપીઓને વ્યસનથી દૂર રહેવા સમજ અપાઈ

અમરેલી, તા. ૨૬

ગુજરાત રાજયમાં એન.ડી.પી.એસ.એક્ટ હેઠળની ગુન્હાકીય પ્રવૃતિમાં સંડોવાયેલ અમરેલી જિલ્લા ખાતેરહેતા આરોપીઓને એકત્ર કરી એન.ડી.પી.એસ. એક્ટની જોગવાયથી વાકેફ કરવા તથા તેનાં વ્યસનથી થતા નુકસાન સબંધે માહિતગાર કરવા અમરેલી. એસ.ઓ.જી. ટીમ દ્વારા સેમીનાર યોજવામાં આવ્યો હતો.

રાજયમાં એન.ડી.પી.એસ. ગુનાના કામે પકડાયેલ આરોપીઓ ભવિષ્યમાં એન.ડી.પી.એસ. એકટ હેઠળના ગુનાઓ ન કરે તે માટે તથા તેઓને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી મેન્ટોર દ્વારા તથા સુપર વાઈઝરી અધિકારી દ્વારા કાઉન્સીલીંગ કરવા તથા અન્ય સંકળાયેલ આરોપીઓની માહિતી એકત્રીત કરવા તથા એન.ડી.પી.એસ.એકટની સજાની જોગવાઈથી વાકેફ કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવલ છે. જે અનુસંધાને અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહનાં માર્ગદર્શન હેઠળ પોલીસ એસ.ઓ.જી.શાખા અમરેલી દ્વારા.એન.ડી.પી.એસ.ગુન્હામાં પકડાયેલ આરોપીઓ દીઠ મેન્ટોરની નિમણૂંક કરી એસ.ઓ.જી.ટીમ દ્વારા અમરેલી જિલ્લામાં રહેતા. એન.ડી.પી.એસ.એક્ટ હેઠળની ગુન્હાકીય પ્રવૃતિમાં સંડોવાયેલ કુલ ૭૧ આરોપીઓનાં ડોઝીયર્સ ભરવામાં આવેલ. આ ઉપરાંત આ પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમોને પોલીસ હેડ ક્વાટર્સ ડી.ટી.સી.સેન્ટર ખાતે એકત્રીત કરી અમરેલી પોલીસ અધિક્ષક તથા એસ.ઓ.જી.શાખા દ્વારા નાર્કોટીકસના પદાર્થ–કેફી ઔષધો– મનઃપ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર હેરા–ફેરી અને વેંચાણ કરતા અટકાવવા સારૂ અને આ માદક પદાર્થોનું સેવન કરવાથી થતા નુકસાન અંગે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપી ગુજરાત રાજયને તથા સમગ્ર અમરેલી જિલ્લાને નશા–મુકત કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ હાજર તમામ આરોપીઓને શપથ લેવડાવી આવી પ્રવૃતી ન કરવા અંગે સમજ આપવામાં આવેલ છે.

નીલમ વામજાએ બંને ઈનિગમાં સદી ફટકારી ૭ વિકેટ ઝડપી

અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમનો ગીર સોમનાથની ટીમ સામે ર૬ર રને ભવ્ય વિજય

અતીક જફાઈએ પણ બંને ઈનિંગમાં સદી ફટકારી મેન ઓફ ધ મેચ બન્યો

અમરેલી, તા.૨૬, સૌરાષ્ટ્ર ક્રિકેટ એશોસીએશન ાતરફથી ચાલતી ત્રણ દિવસની ટેસ્ટ ટુર્નામેન્ટમાં અમરેલી ડિસ્ટ્રીકટ ક્રિકેટ ટીમ સામે ગીર સોમનાથ ટીમ વચ્ચેની ટેસ્ટ ટુર્નામેન્ટમાં અમરેલીની ટીમે પ્રથમ દાવ લેતાં ૯૦ ઓવરમાં ૪૬૮ રન ૭ વિકેટ સાથે બનાવેલ જેમાં કિશન વાઢીયાએ ૮૯ રન, અતીક જફાઈએ ૧૧૨ રન તેમજ કેપ્ટન નીલમ વામજાએ ૧૭૩ રનની ભવ્ય ઈનિંગથી કુલ ૪૬૮ રન બનાવેલ ત્યારબાદ બીજા દાવમાં ઉતરેલ ગીર સોમનાથ ટીમે ૯૦ ઓવરમાં ૩૩૮ રન બનાવી ઓલ આઉટા થઈ ગયેલ પછી ત્રીજા દાવમાં ઉતરેલ અમરેલીની ટીમે ૪૫ ઓવરમાં ૩૭૨ રન બનાવેલ જેમાં કિશન વાઢીયાએ ૩૫ રન, અતીક જફાઈએ ૧૬૮ રન તેમજ કેપ્ટન નીલમ વામજાએ ૧૧૭ રન મળીને પ્રથમ દાવની અમરેલીની ૧૩૦ રનની સરસાઈ સાથે અમરેલી ડીસ્ટ્રીકટ ટીમે કુલ ૫૦૨ રનનો ટારગેટ આપતા ચોથા દાવમા ઉતરેલ ગીર સોમનાથ ટીમે ૪૫ ઓવરમાં ૨૪૦ રનમાં ઓલ આઉટ થતાં અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમનો ૨૬૨ રનથી ભવ્ય વિજય થયેલ છે. અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમનાં ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, પી.પી. સોજીત્રા ાઅને ચેતન રાવળ વિગેરેનાં નેતૃત્વમાં ખેલાડીઓ ખુબ જ સારૂ પ્રદર્શન કરેલ છે. તેમ આ ક્રિકેટ ટીમનાં કોચ મયુરભાઈ ગોરખીયાની યાદિમાં જણાવેલ છે.

અમરેલી જિલ્લામાં આગામી પાંચ દિવસ વાતાવરણ ચોખ્ખુ રહેશે

અમરેલી તા.૨૬

અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ઠંડુ, સુકું અને ચોખ્ખું રહેવાની શકયતા છે. મહત્તમ તાપમાન ૩૧–૩૨ સે. અને લઘુત્તમ તાપમાન ૧૪–૧૬ સે. જેટલું રહેવાની શકયતા છે. તા.૨૭ થી ૩૧ ડીસેમ્બર દરમિયાન વરસાદની કોઈ શકયતા નથી, તા ૨૮ થી ૩૦ ડીસેમ્બરના રોજ છુટા છવાયા વિસ્તારમાં સવારના સમયે ઝાંકળ પડવાની શકયતા રહેશે ત્યાર બાદના દિવસોમાં ઝાંકળની શકયતા નહીવત્ત રહેશે.

મહત્તમ પવનની ગતિ સામાન્ય, અંદાજીત ૮ થી૧૧ કિ.મી. /પ્રતિ કલાક સુધીની રહેવાની શકયતા છે. પવનની દિશા આગામી ૩ દિવસ મોટા ભાગે પૂર્વ થી ઈશાન, દિવસ ૪–૫ દરમિયાન નૈઋત્ય થી દક્ષિણ નૈઋત્ય રહેવાની શકયતા છે.

આગોતરૂં અનુમાન : ૧ થી ૫ જાન્યુઆરી ૨૪ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારમાં હવામાન ઠંડુ, સુકુ અને ચોખ્ખું અથવા આંશિક ભેજવાળું રહેવાની શકયતા છે, આ દરમિયાન વરસાદની શકયતા નહીવત્ત છે. તા. ૪ તથા ૫ જાન્યુઆરી ૨૪ દરમિયાન વાતાવરણ અસ્થિર બની શકે છે. અને અમુક વિસ્તારોમાં હળવા વરસાદી છાંટા પડી શકે છે. મહત્તમ તાપમાન ૨૬ થી ૩૦ સે. અને લઘુત્તમ તાપમાન ૧૨ થી ૧૬ સે. જેટલું રહેવાની શકયતા છે.

એરંડામાં ઘોડીયા ઈયળના નિયંત્રણ માટે ૨૦ મીલી કવીનાલ્ફોસ (૧.૫% ભુકી) ૧૦લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ચણાના પાકનું વાવેતર કરેલ હોય તો તેમાં આવતી લીલી અને લશ્કરી ઈયળના નિયંત્રણ માટે ૬ ગ્રામ એમામેક્ટીન બેન્ઝોએટ અથવા ૨૦ મીલી ક્વીનાલફોસ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી સારૂ પરીણામ મળે છે. મેથી અને ધાણાના પાકમાં ભુકીછારા રોગના નિયંત્રણ માટે હેક્ઝાકોનાઝોલ ૨૦ મીલી અથવા સલ્ફર ૮૦ % WP ૫૦ ગ્રામ/૧૫ લીટર પાણી ભેળવીને છંટકાવ કરવો. દુધાળ પશુઓમાં કબજીયાતનાં નિયંત્રણ માટે નાના બચ્ચાને ૨૦–૪૦ ગ્રામ સરસીયુ અઠવાડિયાનાં અંતરે પીવવડાવું. જીરૂંના પાકમાં થ્રીપ્સના જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બેસીયાના ૬૦ ગ્રામ. ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૦ દિવસના ગાળે બે છંટકાવ કરવા. ઉનાળુ મગફળીના વાવેતર માટે જમીનની તૈયારી અને બિયારણની પસંદગીની પ્રક્રિયા કરવી.

ચલાલા રેલવે સ્ટેશન સલાહકાર સમિતિની રચના

ચલાલા, તા. ૨૬

ચલાલા શહેરમાં રેલવે સલાહકાર સમિતિમાં ચલાલાનાં આગેવાનોની નિમણુંક ચલાલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવિયા ચલાલા શહેર ભાજપ ઉપપ્રમુખ ભયલુભાઈ વાળા, બાલાબાપુ દેવમુરારી, ભરતભાઈ સોલંકી, નીતિનભાઈ વાળાની નિમણુંક કરાઈ. આ નિમણુંક થતાં ચલાલા રેલ્વે સ્ટેશનની પાયાની જરૂરિયાતોને તેમજ રેલ્વેનાં પ્રશ્નોની રજૂઆત કરવામાં આવશે.

અમરેલી શ્રીજી વિદ્યાથી ભુવન વીર બાલ દિવસ ઉજવાયો

શ્રીજી વિદ્યાર્થી ભુવન
શ્રી સરસ્વતી વિદ્યાલ

અમરેલી, તા.૨૬

સરકારશ્રી દ્વારા પ્રથમ વખત રાષ્ટ્રીય વીર બાલ દિવસ ઉજવવા આદેશ આપેલ તે અંતર્ગત શાળાની પ્રાર્થના દરમ્યાન વીર ૨ બાળકોની શહીદી તેમજ તેની પ્રતિમાનુ પુજન કરી બાળકોને તેનો શોર્યમર્મ ઈતિહાસ કહેવાયો હતો. શીખોનાં દસમાં ગુરૂ ગોવિંદસિંહનાં ચાર પુત્રો (૧) અજીતસિંહ (૨) ગુંજારસિંહ (૩) જોરાવરસિંહા (૪) ફતેસિંહ પૈકીનાં બે પુત્રો જોરાવરસિંહ અને ફતેસિંહ જેની ઉમર ૭ અને ૯ વર્ષની હતી. આનંદપુર કિલ્લા ઉપર ઓરંગઝેબનું આક્રમણ થયું. તેના ચાર પુત્રો પૈકી ફતેહસિંહ (૯) જોરાવરસિંહ (૭) ને કેદ પકડી તેના પર ઈસ્લામ અંગીકાર કરવા દબાણ કરવામાં આવ્યું. આ બહાદુર બાળકોએ પોતાનાં ધર્મ ન છોડવાની હિમ્મત બતાવીા અને બહાદુરીથી ખાલસાનાં નારા બનાવ્યા. ઝુલ્મી મુગલ સેનાએ તેને દીવાલમાં જીવતા ચણી લીધા હતા. તેની વીરપુજાની ભાવનાને પેરણારૂપ ગણી સંસ્થામાં વીરબાલ દિવસ ઉજવાયો હતો. આ પ્રસંગે સંસ્થાનાં સંચાલક દીપકભાઈ વધાસીયા તથા વિલાસબેન વધાસીયાએ પ્રેરક હાજરી આપી હતી. બાલવીરોની વાતો પેરણાદાયી રીતે રજુ કરી હતી.

યુવા નેતા મનીષ સંઘાણીનાં વરદહસ્તે

સાવરકુંડલા ખાતે ધાબળા વિતરણ કરવામાં આવ્યું

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા ખાતે શ્રી સરદાર પટેલ ગૃપ અને સાવરકુંડલા શહેર ભારતીય જનતા યુવા મોરચાનાં સંયુકત ઉપક્રમે સાવરકુંડલા શહેરમાં રહેતા જરૂરિયાતમંદ લોકોની ચિંતા કરવામાં આવી હતી. ત્યારે આ કડકડતી ઠંડીમાં આવા જરૂરિયાતમંદ લોકો બચી શકે તેવા ઉમદા હેતુથી ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીનાં વરદ હસ્તે જરૂરિયાતમંદ લોકોનાં ઘરે ઘરે જઈ અને ધાબળા વિતરણ કરવામાં આવેલ હતું. ત્યારે શ્રી સરદાર પટેલ ગૃપનાં સદસ્યો અને સાવરકુંડલા શહેર ભારતીય જનતા યુવા મોરચાનાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યાં હતાં.

બિલ્ડર, અગ્રણી ભાવેશભાઈ ચકરાણી દ્વારા

સારહિ તપોવન આશ્રમને રૂા.૫૧૦૦૦/– અનુદાન અર્પણ

સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી, રાજેશભાઈ માંગરોળીયા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા

સારહિ યુથ કલબ ઓફ અમરેલી
તપોવન આશ્રમ

અમરેલી, તા. ૨૬

સેવાને સરનામે ઉમળકા સાથે બિલ્ડર ભાવેશભાઈ ચકરાણી દ્વારા સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમના નિર્માણ માટે તુલસીપત્ર રૂપે ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે ૫૧,૦૦૦/– રૂપિયાનું અનુદાન તા. ૨૬/૧૨/૨૦૨૩ ના રોજ આપેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમના સ્વપ્ન દ્રષ્ટા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી.

આ તકે સારહી પરિવાર વતી સારહી તપોવન આશ્રમના સ્વપ્ન દ્રષ્ટા લોક સેવક મુકેશભાઈ સંઘાણી, અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોલિયા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ. સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા

અમરેલીની ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીનીઓને યોજનાકીય માહિતી આપવામાં આવી

પોલીસ મદદ, કાનૂની મદદ સહિતની માહિતી આપવામાં આવી

અમરેલી, તા. ૨૬

અમરેલી સ્થિત શ્રી જીજીબેન ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા શહેરની વિદ્યાર્થીનિઓને યોજનાકીય સહાય અને તે યોજનાઓની માહિતી અને વિગતો આપતો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

હિંસાથી પીડિત બહેનો માટે સખી વન સ્ટોપ સેન્ટર અમરેલી દ્વારા વિવિધ પ્રકારની મદદ પૂરી પાડવામાં આવે છે. પોલીસ મદદ, કાનૂની મદદ, તબીબી સહાય, હંગામી ધોરણે આશ્રય ઉપરાંત સામાજિક પરામર્શ સહિતની મદદ વિષયક મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવે છે. વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, વિધવા પેન્શન સહાય યોજના, બેટી બચાવો, બેટી પઢ ાઓ યોજના, વિધવા પુનઃલગ્ન યોજના, કામકાજના સ્થળે થતી જાતીય સતામણી અંગે પણ માહિતી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૨૮૩ જેટલી હિંસાથી પીડિત બહેનોને મદદ પૂરી પાડવામાં આવી છે, તેમ અમરેલી સખી વન સ્ટોપ સેન્ટર, પ્રથમ માળ, એ.આર.ટી. સેન્ટરની બાજુમાં, સિવિલ હોસ્પિટલ, અમરેલી (૦૨૭૯૨) ૨૨૬૧૭૮ onestopcenter amreli@gmail. com ની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અમરેલી : ભાજપ દ્વારા સ્વ.અટલબિહારી વાજપાઈજીની જન્મજયંતી નિમિતે 'સુશાસન દિવસ'ની ઉજવણી

અમરેલી, તા.૨૬

ભાજપનાં દિવંગત નેતા અને તત્કાલીન વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપાઈજીની ૯૯ મી જન્મજયંતિની ઉજવણી અમરેલીનાં દાદા ભગવાન હોલ લીલીયા રોડ ખાતે જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યો હતો.

ભારત સરકારનાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોતભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. અટલજીએ ફકત રાજનેતા ન હતા પરંતુ એક ખુબ લોકપ્રિય કવિ પણ હતા. આજનાં કાર્યક્રમમાં તેમની કવિતાઓનું અમરેલીનાં જાણીતા કવિઓ દ્વારા પઠન કરી તેમને ભવ્ય કાવ્યાંજલિ પણ આપવામાં આવી હતી. અટલજીની દેશભકિતની કવિતાઓનાં રસપાન દ્વારા લોકો જુમી ઉઠયા હતા. અમરેલીનાં કવિઓ અર્જુનભાઈ ગઢીયા, ગોપાલભાઈ ધકાણ, અર્જુનભાઈ ાદવે અને ડો.કેતનભાઈ કાનપરીયાએ પોતાની આગવી શૈલીમાં કાવ્યો રજુ કર્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાએ અટલજીના જીવનનાં અનેક પ્રસંગોની વાત કરી વડાપ્રધાન તરીકે તેમનાં કાર્યકાળ દરમ્યાન કરેલા અનેક કાર્યોને યાદ કર્યા હતા. કેન્દ્રીય મંત્રી પરશોતભાઈ રૂપાલાએ અટલજીના રાજનેતા અને કવિ બન્ને વ્યકિતત્વ વિષે પોતાની આગવી શૈલીમાં વાત કરી અને શા માટે તેમનાં જન્મદિવસને 'સુશાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તે વ્યકત કર્યુ હતું. અટલજીએ શરૂ કરેલ 'સુવર્ણ ચતુર્ભુજ' રોડ, ૧૪ વર્ષ સુધી બાળકોનાં મફત શિક્ષણ માટે 'સર્વ શિક્ષા અભિયાન' દેશની રક્ષા માટો કરેલા અણુધડાકા દ્વારા ભારતને પરમાણું મહાસતા બનાવવી, પાકિસ્તાન સાથે દોસ્તીનો હાથ લંબાવી. 'સમજોતા' એકસપ્રેસ, દેશમાં પ્રથવાર બનાવેલ 'ગ્રામિણ મંત્રાલય' જેવા કાર્યોને પણ યાદ કર્યો હતા.અટલજીના બનાવોલ પથ પર ચાલીને દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા હાલ પ્રજાલક્ષી કાર્યોની વાત કરી હતી. ભાજપા સૌ કાર્યકર્તાઓને અટલજીના વિચારો તેમણે કરેલા કાર્યો અને તેમના જીવન ઉપરથી પ્રેરણા લઈ ભારત દેશને ૨૦૪૭ માં સંપુર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાનાં નરેન્દ્રભાઈ મોદીનાં સંકલ્પમાં જોડાવા અપીલ કરી હતી.

કાર્યક્રમનું સંચાલન કાવ્યાત્મક રીતે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા એ કર્યુ હતું. આ કાર્યક્રમમાં અશ્વિનભાઈ સાવલીયા (અમરડેરી ચેરમેન) ભરતભાઈ સુતરીયા(જિલ્લા પંચાયત પ્રમુખ) દિનેશભાઈ પોપટ (પુર્વ પ્રમુખ જિલ્લા ભાજપ) મેહુલભાઈ ધોરાજીયા (મહામંત્રી જિલ્લા ભાજપ) પીઠાભાઈા નકુમ(મહામંત્રી જિલ્લા ભાજપ) મનીષભાઈ સંઘાણી, (ઉપાધ્યક્ષ પ્રદેશ યુવા ભાજપ) હિરેનભાઈ હીરપરા(મહામંત્રી પ્રદેશા કિશાના મોરચો) મયુરભાઈ માંજરીયા (મંત્રી પ્રદેશ બક્ષીપંચ મોરચો) ભાવનાબેન ગોંડાલીયા (મંત્રી પ્રદેશ મહિલા મોરચો) કેતનભાઈ ઢાંકેચા (મંત્રી જિલ્લાા કિશાન મોરચો) સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાનાં સભ્યો, જિલ્લા ભાજપનાં હોદેદારો, તાલુકા અને શહેર ભાજપ ાતથા મોરચાના હોદોદારો સહિત સમગ્ર જિલ્લામાંથી ભાજપનાં કાર્યકર્તાઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

મનીષ સિદ્ધપુરા અને મનોજભાઈ વાળાની ઉપસ્થિતિમાં

નરેન્દ્ર મોદી વિચાર મંચે સેવાના માણસ મુકેશભાઈ સંઘાણીને વધાવ્યા

જયદીપભાઈ નાકરાણી અને દિનેશ કનાડીયા દ્વારા સુંદર આયોજન

અમરેલી, તા. ૨૬

યુવા આઈડલ તેમજ સેવાભાવી મુકેશભાઈ સંઘાણીનાં જન્મ દિવસ પૂર્વે કન્યાશાળા, હરિ રોડ તેમજ સુખ નિવાસ કોલોની પ્રાથમિક શાળા, તેમજ ગજેરા પરા, આંગણવાડી તેમજ ચકરગઢ રોડ, રામવાડી આંગણવાડીના ૨૦૧ બાળકોને સવારનો નાસ્તો કરાવેલ હતો.

આ પ્રસંગે મુકેશભાઈ સંઘાણી, સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોષી, ભાવેશભાઈ સોઢા, ચિરાગભાઈ ચાવડા, રાજેશભાઈ માંગરોળીયા, ભગીરથભાઈ ત્રિવેદી, દિવ્યેશભાઈ વેકરીયા, સંજયભાઈ વણજારા સહિત તમામ પદાધિકારીઓ અને પ્રાથમિક સ્કૂલના આચાર્ય સહિત સ્ટાફ હાજર રહેલ. બાળકો દ્વારા અભિનંદન ગીત રજૂ કરવામાં આવેલ હતું અને મુકેશભાઈ સંઘાણીને નરેન્દ્ર મોદી વિચાર મંચના પ્રદેશ મંત્રી મનીષભાઈ સિદ્ધપુરા તેમજ પ્રદેશ મંત્રી મનોજભાઈ વાળા અમરેલી જિલ્લા અધ્યક્ષ જયદીપભાઈ નાકરાણી, નવલભાઈ મકવાણા, જિલ્લા યુવા શાખાના અધ્યક્ષ દિનેશ કનાડિયા તેમજ પ્રશાંત પરમાર સચિન કવા, સહદેવ મકવાણા, ચેતનભાઈ ગાદેશા દ્વારા મુકેશભાઈ સંઘાણીને જન્મ દિવસની શુભકામના પાઠવેલ હતી.

ધારાસભ્યા મહેશ કસવાલાનાં અધ્યક્ષ સ્થાને

સાવરકુંડલાના વાંશીયાળી અને ઠવી ગામે મોદીની ગેરેન્ટી વાન પહોંચી

ઘર ઘર જળ મહત્વ પુર્ણ કામ તેના અંતિમ તબક્કામાં

અમરેલી, તા.૨૬

કેન્દ્ર સરકારની કૃષિ ક્ષેત્રમાં હરણફાળ ભરી નવતર ટેકનોલોજીને વિકસિત ભારત યાત્રામાં અધિકારીઓ અને પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે આપણો સંકલ્પ વિકસિત ભારત યાત્રા સંદર્ભે સાવરકુંડલાના વાંશીયાળી તથા ઠવી ગામે આ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં અધ્યક્ષ સ્થાને મોદીની ગેરેન્ટી વાન પહોંચી હતી.

આઝાદીનાં ૧૦ વર્ષે નવા ભારતનાં સંકલ્પ સાકાર કરવાનાં દ્રઢ નિશ્ચિયથી ધારાસભ્યા મહેશભાઈ કસવાલાએ કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ લક્ષી યોજનાઓ થકી છેવાડાનાં વ્યકિતની કાળજી લઈને કામ કરતી કેન્દ્રની મોદી સરકાર દ્વારા પાંચ ાવર્ષ ગરીબોને મફત અનાજ મળશે, જયારે ઘર ઘર જળનું મહત્વ પુર્ણ અંતિમ તબ્બકામાં હોય તેમજ બાળકના જન્મથી માણસનાં મૃત્યુ સુધીનાં દરેક તબ્બકે કેન્દ્ર સરકારનો માનવીય સહયોગનો સુંદર અભિગમ ખરા અર્થમાં સાર્થક સાબિત થતો હોય તેમ આયુષ્માન ભારત યોજનાની સફળ તાથી ગરીબોનાં આશીર્વાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે હોય જેના ફળ સ્વરૂપે સરકારી લાભો ગરીબોનાં ઘર સુધી પહોંચે તે આ વિકસિત ભારત યાત્રાનો સંકલ્પ સાર્થક કરવાનો મુખ્ય ઉદ્વેશ છે પાણી, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટકચર, રેલ્વે, કૃષી, સિંચાઈને કેન્દ્ર અને રાજય સરકારની પ્રથમ પ્રાથમિકતા છે. જે પ્રાથમિકતાને ધ્યાને ાલઈને સરકાર નકકર કામગીરીઓ કરે તે માટે આઝાદીના ૧૦૦ વર્ષ નવા ભારતનો સંકલ્પ થાય તે માટે દરેક જન જનના આશીર્વાદની જરૂર હોવાનું ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પોતાનાં વકતવ્ય દરમ્યાન જણાવ્યું હતું. આ સંકલપ યાત્રામાં જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછાડીયા, ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, તાલુકા યુવા ભાજપ પ્રમુખ મહેશભાઈ ભાલાળા, મહેશભાઈ જેબલીયા, અશોકભાઈ ખુમાણ, દેવજીભાઈ કાછડીયા, વિજયભાઈ ખુમાણ, કિશનભાઈ ખુમાણ, પ્રવિણભાઈ કોટીલા સહિતનાં ઠવી તથા વાંશીયાળી ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. તેમ 'અટલધારા' કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી.હીરપરાની યાદીમાં જણાવ્યું છે.

અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે ડો. શિલ્પાબેન વાળા દ્વારા મોટીવેશન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે તા. ૨૩/૧૨/૨૩નાં રોજ ગાંધીનગર ચિલ્ડ્રન યુનિ. વિકસીત ભારત(વ) ૨૦૪૭ નો ડો. શિલ્પાબેન વાળા દ્વારા મોટીવેશન કાર્યક્રમ યોજાયેલ વકતા બહેન વિદ્યાર્થીનીઓને પોતાના જે શકિત હોય તે ક્ષેત્રમાં આગળ વધવા જણાવેલ સંસ્થા દ્વારા સ્વાગત વલ્લભભાઈ રામાણીએ કરેલ. સંસ્થાનાં નિયામક મનસુખભાઈ ધાનાણીએ જણાવેલ સંસ્થાનાં વિદ્યાર્થીનીઓને સરકાર અથવા કોઈપણ વિષય પર મોટીવેશન આપવામાં આવે તેને સંસ્થા આવકારે છે. ગુજરાત સરકાર અને બહેને સંસ્થામાં આવી સ્ટુડન્ટને મોટીવેશન આપેલ. તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે. સભા સંચાલન બી.સી.એ. પ્રિન્સીપાલ રવિરાજે કરેલ. બી.સી.એ. તેમજ બી.એસ.સી.નાં ૬૩૮ સ્ટુડન્ટે ભાગ લીધેલ કોલેજનો તમામ સ્ટાફ હાજર રહેલ. તેમ સંસ્થા વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

શું છે આ સીડ બોલ ? સીડ બોલ કેવી રીતે બનાવી શકાય ?



સીડબોલ બનાવવા માટેની શરૂઆત નેચરલ ફાર્મિંગ શરૂ કરનાર જાપાની પર્યાવરણપ્રેમી masanobu Fukuoka એ હતી. ઈજિપ્તમાં નાઈલ નદીમાં પુર આવવાનાં કારણે થયેલ નુકશાન બાદ ફરીથી ઝાડ વાવવા માટે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. અત્યારે આપણા દેશમાં પણ ઘણા પર્યાવરણ પ્રેમીઓ આ પદ્ધતિનો ઉપયોગ કરી રહયા છે.

સીડબોલ નામ તો તમે સાંભળ્યું જ હશે, તેના ઉપયોગ વિશે પણ ઘણા લોકો જાણતા હશે, પરંતુ તેને ઘરે કેવી રીતે બનાવી શકાય, એ વિશે બહુ ઓછા લોકો જાણતા હોય છે. સીડ બોલ અર્થબોલ તરીકે પણ ઓળખાય છે. જેમાં વિવિધ પ્રકારનાં બીજને ફળદ્રુપ માટીમાં વિંટીને દડા બનાવવામાં આવે છે.

સતત ઘટી રહેલ હરિયાળીનાં કારણે આખી પૃથ્વી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છો. અને તેનું સમાધાન લાવવાનો એકમાત્ર રસ્તો વૃક્ષારોપણ જ છે. વૃક્ષોથી હવામાં ઓકિસજનનું પ્રમાણ તો વધે જ છે. સાથે સાથે વૃક્ષો વરસાદ પણ ખેંચી લાવે છે. અને વાતાવરણમાંથી ગરમી ઘટાડવામાં પણ મહત્વનો રોલ અદા કરે છે. પરંતુ દરેક જગ્યાએ રોપા વાવવા જવું શકય નથી બનતું ત્યાં સીડબોલ ખુબજ ઉપયોગી નીવડે છે. સરળતાથી ઉગી નીકળતાં દેશી કુળનાં ઝાડ–છોડનાં બીજમાંથી સીડબોલ બનાવી ખુલ્લી જગ્યાઓ પર ચોમાસા દરમિયાન નાખવામાં આવે તો, તેના પર વરસાદ પડતાં તેમાંથી અંકુર ફુટી નીકળે છે. અને ઝાડ – છોડ ઉગી નીકળે છે. ચોમાસા દરમિયાન આ સીડબોલ નાખવાથી ત્યાં નિયમિત પાણી પાવા જવાની પણ જરૂર નથી પડતી, વરસાદનાં પાણીથી જ તેનો વિકાસ થઈ જાય છે. તો પછી તમે કોની રાહ જુઓ છો, વરસાદની શરૂઆત થઈ છે. તો સીડબોલ બનાવીા તમે પણ વિવિધ જગ્યાએ તેને નાખો અને બાળકો પાસે પણ નખાવો, જેથી તેઓ પણ અત્યારથી પ્રકૃતિની નજીક આવે, સીડબોલ બનાવવા માટો સૌપ્રથમ આસોપાલવ, અરીઠા, ઉમરો, ખીજડો, ખાખરો, જાંબુ, ગોરસ આમલી, ગરમાળો,ગુંદી, ગુંદો, ચણીબોર, પુત્રંજીવા, પીલુડી, કાલસા, બોરસલી, બીલી, બોર, રામબાવળ, રાયણ, વડ, શીવણી, કડવો લીમડો, સીતાફળ, તુલસી વગેરેમાંથી જેનાં પણ બીજ મળી શકે તેના બીજ ભેગા કરો, ત્યારબાદા ખેતરની માટી લાવો અને તેના પર થોડું પાણી છાંટી ભીની કરો. જો તમારી પાસે છાણીયું ખાતર કે કંપોસ્ટ ખાતર હોય તો તેને પણ આ માટીમાં મિકસ કરી શકાય ાછે. આ દરમિયાન તમે ભેગાં કરેલ બધાં જ બીજને અલગ–અલગ તારવી દો. હવે નાના બોલ જેટલી માટી હાથમાા લો અને માટીની વચ્ચે ૨–૩ બીજ રાખી બોલ વાળીને તેને સુકવવા મુકી દો. આ રીતે બધા જ બોલ તૈયાર કરી દો. તૈયાર છે. સીડબોલ.

હવે જયારે પણ તમે બહાર નીકળો ત્યારે રસ્તાની આસપાસ ઝાડી–ઝાંખરમાં, ગૌશાળાની આસપાસ, શાળાનાં મેદાનની કિનારી પર જેવી સુરક્ષિત જગ્યાઓએ આ સીડબોલ નાખો. તેના પર વરસાદનું પાણી પડતાં જ, બે–ત્રણ દિવસમાં તેમાંથી અંકુર ફુટી નીકળશે. એવું બની શકે છે. બધાં બીજ ન પણ ઉગે, પરંતુ તેમાંથી ૩૦–૪૦% ટકા બીજમાંથી પણ ઝાડ છોડ ઉગી નીકળશે તો, ઘણી હરિયાળી થશે.

– મિતલ ખેતાણી
એનિમલ હેલ્પલાઈન, રાજકોટ
– મો.૯૮૨૪૨ ૨૧૯૯૯

ભાક્ષી–૧ ગામે સંકલ્પ યાત્રા અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા. ૨૬

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ભાક્ષી ૧ ગામે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આ કાર્યક્રમમાં મહેમાન તરીકે કનુભાઈ ધાખડા, તાલુકા પંચાયત સદસ્ય, સરપંચ મંગળુભાઈ ધાખડા, મનુભાઈ ધાખડા, તાલુકા એસોસિએશન પ્રમુખ ભાવેશભાઈ તેરૈયા વિસ્તરણ અધિકારી ખેતી, મનોજભાઈ કથીરીયા વિસ્તરણ અધિકારી પંચાયત, તેમજ પંચાયતનાં અધિકારીઓ, આઈસીડીએસ, વાસ્મો, આરોગ્ય શાખામાંથી કર્મચારીઓ, તલાટી કમમંત્રી, ભાક્ષી ૧ શાળા પરિવાર તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમની શરૂઆત સંકલ્પયાત્રાનું આગમન થતાં તેનું સામૈયું કરિને કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટય કરીને કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. ઉપસ્થિત મહેમાનોનું ફૂલહાર, પુષ્પગુચ્છ, પુસ્તકથી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ શાળાનાં બાળકો દ્વારા સ્વાગત ગીત, ધરતી કહે પુકાર કે નાટક, મારી વાડીને ઝેર નથી આપવું ગીત રજૂ કરાયા હતા. ત્યાર પછી ભાક્ષી ગ્રામ પંચાયતનું વાસ્મો યોજના તથા સ્વચ્છ ગામ મોડેલ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભારત સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પછીનાં ક્રમે શાળાનાં તેજસ્વી તારલાઓ તથા રમતવીરો અને ગામના સ્થાનિક કલા કારીગરનું સન્માન કરવામાં આવ્યું હતું. પછીનાં ક્રમે શળાનાં તેજસ્વી તારલાઓ તથા રમતવીરો અને ગામનાં સ્થાનિક કલા કારીગરનું સન્માન કરવામાં આવ્યું હતું. આગળ કાર્યક્રમમાં મેરી કહાની મેરી જુબાની અંતર્ગત લાભાર્થીઓએ પોતાનાં શબ્દોમાં અનુભવો જણાવ્યા હતાં. ત્યારબાદ વિકસિત ભારત સંકલ્પ લીધો હતો. અંતમાં ડ્રોન નિદર્શન પણ થયું હતું. આ રીતે આખો વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં

અમરેલીનાં બાબાપુર સ્થિત જવાહર નવોદય વિદ્યાલયનો ૧૬મો વાર્ષિક કાર્યક્રમ યોજાયો

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું

અમરેલી તા. ૨૬

બાબાપુર સ્થિત પીએમ સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય ખાતે કેન્દ્રીય ફિશરીઝ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાલયનો ૧૬મો વાર્ષિક કાર્યક્રમ યોજાયો હતો.



ઉલ્લેખનીય છે કે, જવાહર નવોદય વિદ્યાલય થકી દેશમાં શિક્ષામાં ઉત્કૃષ્ટ રીતે આમૂલ પરિવર્તન આવ્યું છે. આ વિદ્યાલયમાં શિક્ષા, કૌશલ્ય નિર્માણની સાથે સાથે રમત–ગમત પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓનું સર્વાંગીય ઘડતર કરવામાં આવી રહ્યું છે. ડિજિટલ અને સ્માર્ટ કલાસની મદદથી વિદ્યાર્થીઓ ગુણવત્તાલક્ષી શિક્ષા પ્રાપ્ત કરી રહ્યા છે.

કેન્દ્રીય મંત્રી રૂપાલાએ, બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયના ૧૬મા વાર્ષિક કાર્યક્રમમાં જણાવ્યુ કે, વર્ષ ૨૦૪૭માં ભારત વિકસિત રાષ્ટ્ર બનશે તેમાં શિક્ષણનો ખૂબ મોટો ફાળો હશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયને પીએમ શ્રી સ્કૂલનો દરજ્જો આપવામાં આવ્યો છે એ બદલ આપણે સૌ પ્રધાનમંત્રીનાં આભારી છીએ.

વધુમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ કે, જી–૨૦ નેતૃત્વ સમયે વડાપ્રધાનએ દુનિયાને 'વસુધૈવ કુટુંબકમ'નું સૂત્ર આપ્યું, આજે સમગ્ર દુનિયા આ સૂત્રને આત્મસાત કરી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં શરૂ કરવામાં આવેલ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને સરકારની એક અભૂતપૂર્વ છે.

કેન્દ્રીય મંત્રી રૂપાલાએ, જવાહર નવોદય વિદ્યાલય–અમરેલીના કેમ્પસની શિક્ષા પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને વિદ્યાલયમાં ચાલતી ઉમદા શિક્ષા પ્રવૃત્તિઓ માટે શાળાને, વિદ્યાર્થીઓને અભિનંદન સાથે ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન શિક્ષણમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓનું અને વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં વિજેતા ખેલાડીઓને, મંત્રી તથા મહાનુભાવોના હસ્તે વાર્ષિક કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યાહતા.

કેન્દ્રીય મંત્રી રૂપાલાએ બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયના વાર્ષિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ નૃત્ય, લોકસંગીત અને લોકગીત સહિતની વિવિધ સાંસ્કૃતિક કૃત્તિઓ નિહાળી હતી. બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયના વાર્ષિક કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લાના પદાધિકારીઓ, જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય, શિક્ષકો, કર્મચારીગણ સહિત શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં

અમરેલીનાં જસવંતગઢ ટીંબા મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો

વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી ગરીબ, વંચિતોનાં જીવનમાં નોંધનીય હકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે

અમરેલી તા. ૨૬

વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ અન્વયે કેન્દ્રીય ફિશરીઝ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલીના જસવંતગઢ ટીંબા મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ સ્થળે આયુષમાન ભવ, પ્રાકૃતિક કૃષિ, આઈ.સી.ડી.એસ. સહિતના સ્ટોલ દ્વારા યોજનાકીય સહાય અને તેના લાભો વિશે જનજાગૃતિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવા માટે સંકલ્પ લીધો હતો.કાર્યક્રમમાં 'મેરી કહાની, મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનાં લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ પ્રાપ્ત થવા બદલ સરકારનો આભાર વ્યકત કર્યો હતો. પ્રાકૃતિક કૃષિ અને ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સહિતની યોજનાકીય સહાયના લાભોનું પ્રતિકાત્મક વિતરણ પણ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા' નાં માધ્યમથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાનાં જન–જન સુધી પહોંચી રહ્યો છે.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં કેન્દ્રીય ફિશરીઝ, પશુપાલન, ડેરી મંત્રી પરષોતમભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, છેવાડાના લાભાર્થીની ઓળખ કરીને તેના સુધી યોજનાકીય સહાય–લાભ પહોંચાડવા માટેના અભિગમ સાથે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂા.૧૦ લાખની સહાય મળી રહી છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના થકી મહિલાઓને રસોઈ બાબતે સરળ તા થઈ રહી છે, જે તેમના સમય અને ઉર્જાને બચાવે છે અને તેનો તે સકારાત્મક રીતે ઉપયોગ કરી શકે છે. વધુમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યુ કે, એક સમયે પીવાના પાણી, વીજળી સહિતના પ્રશ્નો હતા, જે હવે ભૂતકાળ બન્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાનેતૃત્વમાં દેશના દરેક ક્ષેત્રમાં વિકાસકાર્યો તેજ ગતિથી સંપન્ન થયા છે. વિકાસની આ યાત્રા સતત અને અવિરત આગળ ધપી રહી છે. વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને બળ પૂરું પાડી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નમો 'ડ્રોન–દીદી'નો ખ્યાલ રજૂ કરીને દેશમાં ડ્રોન ઉડાડવાની તાલીમ મહિલાઓને પણ તે માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

જસવંતગઢ ટીંબા મુકામે આયોજિત 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પદાધિકારી સુરેશભાઈ પાથર ઉપરાંત જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યો, સરપંચ, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ સહિત અધિકારી–કર્મચારીઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે ''મુકેશ સંઘાણી''નાં જન્મદિન નિમિત્તે સેવા કાર્યક્રમો યોજાયા

યુવાનોના માર્ગદર્શન, દિર્ધદ્રષ્ટા અને સારહી તપોવન આશ્રમના નિર્માતા મુકેશ સંઘાણીના જન્મ દિવસે અનેકવિધ સેવા પ્રવૃત્તિના માધ્યમથી યાદગાર બનાવવામાં આવ્યો. જેમા અમરેલી જીલ્લાની વિવિધ સંસ્થાઓ ધ્વારા સમગ્ર અમરેલી જીલ્લાના વિવિધ સ્થાનો પર લોક કલ્યાણની સેવા પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જેમા રાજુલા ખાતે સહયોગ ગૃપ અને મુકેશ સંઘાણી મિત્ર મંડળ ધ્વારા સિવિલ હોસ્પિટલ અને સ્લમ વિસ્તારમાં નાસ્તો તથા ફ્રુટ વિતરણ કરવામા આવેલ, ધારી ખાતે બજરંગ ગૃપ ધ્વારા ધારી સિવીલ હોસિપટલમાં ફ્રુટ વિતરણ તથા ધાબળા વિતરણ કરવામા આવેલ, સાવરકુંડલા ખાતે સાઈનાથ યુવક મંડળ માનવ મંદિર ખાતે ભોજન પીરસવામાં આવેલ, વિજપડી માધવ યુવક મંડળ ધ્વારા નેત્ર નિદાન કેમ્પ અને ભોજન પ્રસાદ યોજાયેલ, જાફરાબાદ ખાતે કોળી સમાજ યુવા ગૃપ ધ્વારા ભુલકાઓને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ, લાઠી ખાતે કસરી કલબ ઓફ લાઠી ધ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ કરવામા આવેલ, બાબરા ખાતે સરદાર યુવા સોશ્યલ ગૃપ તથા યુવા મોરચો ધ્વારા સ્લમ વિસ્તારમા ફ્રુટ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ, બગસરા ખાતે શિવા ગૃપ ધ્વારા શહેરના જરૂરતમંદ વિસ્તારમાં શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવેલ, ચલાલા ખાતે સમસ્ત વેપારી મહા મંડળ ધ્વારા સ્લમ વિસ્તારમાં નાસ્તા કરાવવામાં આવેલ, મહુવા ખાતે મુકેશ સંઘાણી મિત્ર મંડળ ધ્વારા મહુવા ખાતેના વૃધ્ધાશ્રમમાં ભોજન પીરસવામા આવેલ, લીલીયા ખાતે લીલીયા ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ કરવામા આવેલ, દામનગર ખાતે દામનગર ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રુટ અને ધાબળા વિતરણ કરવામાં આવેલ, કુંકાવાવ તાલુકા ભાજપ પરિવાર ધ્વારા રામ રોટી ઘરમાં મિષ્ટાન પીરસવામા આવેલ, વડીયા ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા ભુખ્યાજનોને ભોજન પીરસવામા આવેલ, ખાંભા ખાતે મહાદેવ ગૃપ તથા ગ્રીન ગૃપ ધ્વારા સ્લમ વિસ્તારમાં નાસ્તો આપવામાં આવેલ. મુકેશ સંઘાણીના સેવા સ્વપ્નને તેમના જન્મ દિવસે અમરેલી જીલ્લાની વિવિધ સંસ્થાઓ ધ્વારા જે તે વિસ્તારમાં સેવાકીય પ્રવૃત્તિ સાથે ઉજવી અસ્મરણિય સહયોગ સાથે માનવ કલ્યાણની પ્રવૃત્તિ કરવામાં આવતા સમગ્ર જીલ્લામાં આનંદ છવાયો હતો. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

રાજુલા, જાફરાબાદ પંથકમાં

મેદાનોમાં અને ખેતીવાડીઓમાં રખડતા જોવા મળે છે. કેમકે તેને ભય છે કે જો સિંહ કે દીપડાની હડફેટે આવી જઈશું તો આપણે કાળનો કોળિયો બની જઈશુ. ભલે તે કહેવાય કે રોજડા છે પણ તે પણ બુદ્ધિશાળી છે એવું લાગે છે. કેમ કે તેમની ઊંચી ડોકથી ઘણા લાંબા અંતર સુધી જોઈ લે છે કે કોઈ હિંસક પ્રાણી તો આવતું નથી ને. આ પ્રાણી હવે ગ્રામ્ય વિસ્તારમાં એકલા ખેડૂત હોય ત્યારે હુમલો પણ કરે છે તેવા સમાચાર પણ જાણવા મળે છે તેમજ આ રોજડાઓ જયારે ખેડૂત ૨૪ કલાકમાંથી કદાચ બે–ચાર કલાક બહાર ગયા હોય અને ખેતીવાડી રેડી હોય ત્યારે તેનો લાભ લઈ અને ખેડૂતને પાયમાલ કરી નાખ્યા છે. એકાદ બે નહી પણ ૨૦ થી ૨૫ ના ટોળાઓ જોવા મળ છે. આ રોજડાઓ માટે લોકોએ ઝટકા મશીનના તાર બાંધેલા છે, કાંટાવાળી વાડ કરેલી છે છતાં એટલી ઊંચાઈએ કૂદીને પણ તે ખેતરમાં જઈને ઊભા પાકને ઘણું જ નુકસાન કરે છે. એટલેથી તો પૂરૂં થતું નથી પણ થોડા દિવસ પહેલા રાજુલામાં સવિતાનગર શેરી નંબર ત્રણમાં કે જે શહેરની મધ્યમાં છે મોટી સોસાયટી છે અને રોડ ઉપર સોસાયટી છે ત્યાં વહેલી સવારે પાંચ કલાકે ઉભું જોવા મળ્યું હતું. આમ આ રોજડાઓનો ત્રાસ હવે દિવસેને દિવસે ઘણો વધતો જાય છે પણ તેને હવે કોણ કાબુમાં લેશે. જયારે સિંહ અને દીપડા આ રોજડાઓના ઉપર જયારે હુમલો કરે છે ત્યારે એકાદ બે સિંહ નહીં પણ પાંચ કે ૧૦ સિંહ પણ ધરાઈ જાય એટલો ખોરાક આ એક રોજડામાંથી મળે છે અને આ ચતુર રોજડાઓ સામાન્ય રીતે સિંહ કે દીપડાના શકંજામાં આવતા નથી. પણ જયારે સિંહના ટોળાઓ આવી જાય અને ચારે તરફથી ઘેરી લેવામાં આવે છે ત્યારે આ રોજડાઓને ના છૂટકે પકડાઈ જવું પડે છે. તેની ઝડપ ઘણી છે પણ છતાં સિંહ કે દીપડા તેને સફળ થવા દેતા નથી. આટલાથી પૂરૂં નથી થતું પણ ઘણા સમય પહેલા આ તાકાત વાળા રોજડાએ કાગવદર ગામ પાસે રોડ ઉપર જતી મીની બસ જેમાં ૨૦ પેસેન્જર ભરેલા હતા અને તેની સાથે પૂર ઝડપે દોડતું આવતું રોજડુ ટકરાયું અને એ ભરેલી બસને પણ રોડથી નીચે ગુલાટ મરાવી દીધી હતી એટલી ઝડપે અને આવી તાકાત તેનામાં છે. હવે આ રોજડાઓથી ખેડૂતોને કોણ બચાવશે તેમજ ગ્રામ્ય વિસ્તાર કે મેઈન રોડ ઉપર જયારે ટુ વ્હીલ કે ફોર વ્હીલ લઈને લોકો જતા હોય ત્યારે પણ આ ઝડપથી દોડતું તેની સાથે ટકરાય છે અને અનેકના હાથ–પગ ભાંગ્યા છે તેમજ અનેક જીવ પણ ગયા છે. તેમ ઘણી વાર સમાચાર જાણવા પણ મળ્યા છે. તેમ જગતના તાત મુખે ચર્ચા થતી સાંભળવા મળે છે કે હવે આ રોજડાના ટોળાથી કોણ બચાવશે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૦૦૦	૧૩૨૩
૨	શિંગ મોટી	૯૦૯	૧૪૮૨
૩	શિંગદાણા	૧૩૦૦	૧૫૪૫
૪	તલ સફેદ	૧૮૩૫	૩૭૦૫
૫	તલ કાળા	૨૦૦૦	૩૩૨૬
૬	તલ કાશ્મીરી	૪૦૭૬	૪૧૫૦
૭	બાજરો	૪૯૮	૫૧૪
૮	જુવાર	૬૫૦	૧૦૪૩
૯	ઘઉં ટુકડા	૪૮૧	૬૧૪
૧૦	ઘઉં લોકવન	૪૮૨	૬૦૫
૧૧	મગ	૧૨૦૦	૧૭૫૭
૧૨	અડદ	૧૧૦૦	૨૦૦૫
૧૩	ચણા	૮૩૦	૧૦૯૧
૧૪	તુવેર	૧૧૦૦	૧૯૪૨
૧૫	વાલ	૨૧૧૦	૨૧૧૦
૧૬	કપાસ	૧૦૫૫	૧૪૬૦
૧૭	એરંડા	૧૦૬૫	૧૧૧૭
૧૮	ધાણા	૧૦૩૦	૧૪૪૦
૧૯	સોયાબીન	૮૦૦	૯૧૭
૨૦	મરચા લાંબા	૧૦૬૦	૩૨૮૦

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૫૮	૧૪૭૫
૨	કપાસ સી ગ્રેડ	૯૯૯	૯૯૯
૩	સોયાબીન	૮૪૪	૮૪૪

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૮૧	૧૫૨૩
૨	મગફળી	૧૦૧૨	૧૩૭૨
૩	ચણા	૬૦૦	૮૬૧
૪	અડદ	૧૫૦૦	૧૫૦૦
૫	તલ સફેદ	૩૧૨૧	૩૧૨૧
૬	બાજરો	૪૪૬૧	૫૬૦
૭	ઘઉં	૪૯૯	૪૯૯
૮	સોયાબીન	૬૫૧	૭૯૧
૯	રાય	૧૨૫૧	૧૨૫૧

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૦૦	૧૫૧૦
૨	મગફળી	૧૨૪૫	૧૩૩૫
૩	તલ સફેદ	૨૬૧૦	૩૦૯૦
૪	તલ કાળા	૨૫૨૫	૩૨૪૫
૫	ઘઉં	૪૮૨	૫૨૮
૬	ચણા	૮૨૫	૧૨૪૫
૭	સોયાબીન	૮૫૪	૮૬૬
૮	તુવેર	૧૭૧૫	૧૮૮૫

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૨૦૦	૧૩૪૧
૨	શીંગ મોટી	૧૨૫૧	૧૪૪૧
૩	તલ સફેદ	૨૭૦૦	૩૨૮૦
૪	તલ કાળા	૨૮૦૦	૩૩૦૦
૫	જીરૂ	–	૭૩૦૦
૬	કપાસ	૧૩૦૦	૧૪૯૦
૭	ઘઉં લોકવન	૪૮૦	૫૭૫
૮	ઘઉં ટુકડા	૫૦૫	૬૦૬
૯	બાજરો	૩૮૦	૫૩૩
૧૦	જુવાર	૮૦૦	૯૫૫
૧૧	મગ	૧૫૦૦	૧૭૨૫
૧૨	ચણા	૮૮૦	૧૦૭૦
૧૩	તુવેર	૧૫૦૦	૨૦૪૮
૧૪	એરંડી	૯૦૦	૧૧૫૦
૧૫	મેથી	૯૦૦	૧૧૫૦
૧૬	ધાણા	૧૦૦૦	૧૨૦૭
૧૭	સોયાબીન	૮૫૦	૯૨૧

વાજપાઈજીનાં જન્મદિવસ પર પુષ્પાંજલિ અર્પણ કરતા યુવા નેતા મનીષ સંઘાણી

અમરેલી, તા. ૨૬

મહાન રાષ્ટ્રવાદી, પ્રખર વકતા અને ભારતનાં રત્ન શ્રદય અટલબિહારી વાજપાઈનાં જન્મજયંતી પર અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ભારત સરકારનાં કેબિનેટ મંત્રી પરષોતમભાઈ રૂપાલા, સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ભરનાં પદ અધિકારીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં શ્રદ્ધેય અટલબિહારી વાજપાઈને કાવ્યાંજલિ અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી ઉપસ્થિત રહી ભારત રત્ન શ્રેધ્ય વાજપાઈની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૦૫	૧૪૫૨
૨	મગફળી	૧૧૨૫	૧૩૫૧
૩	ઘઉં	૪૯૫	૫૨૯
૪	ચણા	૯૪૦	૧૦૨૫
૫	તુવેર	૧૫૦૦	૧૫૦૦
૬	ધાણા	૧૧૧૦	૧૩૨૦
૭	તલ	૨૫૦૦	૨૬૦૦
૮	એરંડા	૧૦૮૫	૧૦૮૫
૯	સોયાબીન	૭૦૧	૮૯૦
૧૦	મેથી	૮૫૦	૧૧૧૧
૧૧	મગ	૧૪૫૦	૧૪૫૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૦૦	૧૪૬૯
૨	ચણા	૮૩૦	૧૩૦૧
૩	તુવેર	૭૯૦	૧૫૦૨
૪	સોયાબીન	૮૭૦	૮૯૩
૫	તલ સફેદ	૨૯૦૦	૩૬૦૦
૬	મગફળી	૯૦૦	૧૨૨૫
૭	બાજરો	૪૫૧	૪૫૧
૮	ઘઉં લોકવન	૪૮૦	૫૪૪
૯	મગ	૮૦૦	૮૦૦
૧૦	એરંડા	૧૦૪૩	૧૦૪૩
૧૧	અડદ	૧૫૦૫	૧૭૯૦
૧૨	ઘઉં ટુકડા	૪૭૨	૫૪૯
૧૩	ધાણા	૯૮૫	૧૩૨૩
૧૪	રજકાબી	૧૭૪૫	૩૬૦૦
૧૫	ચણા સફેદ	૧૪૦૫	૧૫૦૦

પાના ૮ ઉપરનું ચાલું

જાફરાબાદનાં સામાકાંઠાનાં

નગરપાલિકાના જવાબદાર અધિકારીના નજરમાં નથી. બાલકૃષ્ણ સોસાયટી ભૂતડાદાદાના મંદિરની બાજુમાં ઉકરડાના ઢગલા જોવા મળી રહ્યા છે પરંતુ પાલિકા સાફ સફાઈ કરવા માટે નથી વેરા વસૂલાત કેવી રીતે કરવા તેમાં વધારે રસપ્રદ હોય તેવું શહેરીજનો જણાવી રહ્યા છે. આ ગંદકી દૂર કરવા માટેની માંગ ત્યાંના નાગરિકો દ્વારા થઈ છે. તલાવડીની બાજુમાં આવેલ ખેતરમાં ગંદકીથી ખદબદી રહ્યું હોય તેમાં પણ વરસાદી પાણી અને ગટરના ગંધાતા પણી હોવાથી દુર્ગંધ મારતું હોય અને તેમાં કચરાના ખડકાયેલા ઢગલા હોય પરંતુ નગરપાલિકાના ધ્યાન ઉપર આવતું નથી. તો શું આ ખડકાયેલા ઉકરડા ગંદકીના કારણે કોઈ રોગચાળો ફેલાય તો જવાબદારી કોની ? જાફરાબાદના શહેરીજનો પાલિકાની નિષ્ક્રિયતાથી ત્રાહિમામ સામાકાંઠા વિસ્તારના શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા આપવામાં થતાં તાતાથૈયા તલાવડી વિસ્તાર તથા બાલકૃષ્ણ સોસાયટીના ભૂતડાદાદાના મંદિર બાજુમાં ખડકાયા કચરાના ઢગલા નગરપાલિકાની નજરમાં આવતું નથી. સારી એવી સુવિધાઓ ઉભી કરી શકયા નથી. સ્વચ્છતા હી સેવા અભિયાન માત્રને માત્ર કાગળ પર ચાલતું હોવાનો શહેરીજનો કરે છે. આક્ષેપ આ ખડકાયેલા કચરાના ઢગલા વચ્ચે જીવતી જનતા જનાર્દન આ બાબતે ભાવનગર નિયામક તથા જિલ્લા કલેકટર દ્વારા નાગરિકોની સમસ્યાનો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી બાલકૃષ્ણ સોસાયટીના સ્થાનિકો, રહીશોની માંગ થઈ છે. આ વિસ્તારોમાં લોકોના રહેણાંક મકાનો આવેલ હોય પરંતુ ઘણા સમયથી આ ઉકરડો દિનપ્રતિદિન ગંદકીથી ખદબદી રહ્યો હોય પરંતુ પાલિકા ગંભીર બનતી નથી. આ દુર્ગંધ મારતાં ઉકરડા પાલિકા કોઈ નક્કર પગલાં ભરશે ? લોકોનું સ્વાસ્થ્ય માટે, આરોગ્ય માટે આ ઉકરડાનો નિકાલ કરવામાં આવશે ? આ ખડકાયેલ ગંદકીના ઢગલા ઉપર વહીવટી તંત્ર લાલ આંખ કરવાને બદલે આંખ આડા કાન કરવામાં આવશે ? તેવું નાગરિકોમાંથી થતી ચર્ચાઓ આ ખદબદતી ગંદકીના લીધે ડેંગ્યૂ, મેલેરિયા, અન્ય બીમારીઓ ઉત્પન્ન થાય તો જવાબદાર કોણ ? સામાકાંઠામાં નાગરિકો દરેક સ્તરે વેરો ભરવા છતાં સારી એવી સુવિધા દેવામાં પાલિકા નિષ્ફળ. સ્વચ્છતા બાબતે ઘોર બેદરકારી રાખવામાં આવી છે. તલાવડી વિસ્તારમાં વસવાટ કરતા લોકોને આ ગંદગીના લીધે બીમારીનો સામનો કરવો પડે તેવી મુસીબત પરંતુ આરોગ્ય વિભાગને પણ ધ્યાન ઉપર આવતું નથી. પાલિકાના જવાબદાર લોકો સફાઈ કરવા આવે છે પરંતુ એક બે ટ્રેકટર કચરો ભરીને નાટક કરી ચાલ્યા જાય છે. અહીંથી લોકોની અવરજવર હોય આ ગંદકીના ગંજના લીધે દુર્ગંધ મારતું હોવાથી લોકોના આરોગ્ય સામે પણ ખતરનાક હોય. પાલિકા દ્વારા અને આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળો ફેલાય તે પહેલાં પોરાનાશક કામગીરી તેમજ ડીડીટીનો છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૭૦૦	૧૪૨૬
૨	તલ સફેદ	૨૮૫૨	૩૪૦૦
૩	તલ કાળા	૨૮૦૦	૨૮૦૦
૪	કપાસ	૧૦૦૦	૧૪૨૫
૫	બાજરો	૪૦૦	૫૩૩
૬	ઘઉં ટુકડા	૪૪૪	૬૫૮
૭	જુવાર	૮૧૨	૧૩૦૧
૮	મગ	૧૫૦૦	૨૦૦૦
૯	ચોળી	૮૦૦	૧૪૦૦
૧૦	અડદ	૧૫૬૦	૧૭૯૧
૧૧	તુવેર	૧૬૨૫	૧૭૫૨
૧૨	ચણા	૮૭૫	૧૨૦૦
૧૩	તલ પીળા	૪૦૦૦	૪૧૦૦
૧૪	સુર્યમુખી	૫૦૦	૬૩૫
૧૫	સોયાબીન	૭૦૧	૮૮૦

દ્વારકાનગરીમાં યોજાયેલ આહીરાણી મહારાસમાં અમરેલી જિલ્લાના આહીર સમાજના યુવા પ્રમુખ કમલેશ ગરણિયાના નેતૃત્વમાં સેવાની જયોત

અખિલ ભારતીય આહીરાણી મહારાસનું ભવ્ય અને દિવ્ય આયોજન ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકાનગરીમાં નાગેશ્વર રોડ પર નંદધામનું નિર્માણ કરી તે વિશાળ જગ્યામાં આયોજન કરાયું હતુ. આ મહારાસના અલૌકિક કાર્યક્રમમાં પચાસ હજાર જેટલી આહીરાણી બહેનોએ ઈષ્ટદેવ દ્વારકાધીશના સ્મરણ સાથે કૃષ્ણભાવમાં સમર્પિત બની સતત ત્રણ કલાક જેટલાં સમય સુધી પરંપરાગત પહેરવેશમાં મહારાસ યોજયો હતો ત્યારે સમગ્ર બ્રહ્માંડના દેવી દેવતાઓ અને ઈષ્ટદેવ દ્વારકાધીશ સાક્ષાત હાજર હોય તેવો ભાવ અને દ્રષ્યો સર્જાયા હતા જેની નોંધ સમગ્ર વિશ્વ, ભારત અને ગુજરાતમાં ભરમાં લેવાઈ છે. ત્યારે આ ભગીરથ કાર્યમાં વિવિધ જિલ્લાના યુવાનોએ સેવા આપી. આ ભવ્ય કાર્યક્રમને નિર્વિધ્ને સફળતાના ચારચાંદ લગાવ્યા હતા. ત્યારે સતત છેલ્લા ત્રણ માસથી આ કાર્યક્રમના આયોજન અને સંકલનમાં જોડાયેલ અમરેલી જિલ્લા આહીર સમાજના યુવા પ્રમુખ કમલેશભાઈ ગરણિયાના નેતૃત્વમાં અમરેલી જિલ્લામાંથી મહારાસમાં ભાગ લેનાર બહેનોને ધાર્મિક ગ્રંથ એવા ગીતાજીના વિતરણમાં સમગ્ર જિલ્લામાંથી દાન એકત્ર કરાયું હતુ. સાથે અમરેલી જિલ્લામાંથી મહારાસમાં ભાગ લેનાર બહેનો માટે બસ સેવાનું આયોજન કરી તમામ બહેનો મેં કોઈ મુશ્કેલી ના પડે તે માટે પુરી તકેદારી રાખી તેમના માટે યુવા પ્રમુખ દ્વારા પોરબંદરના ચેટા ગામ મુકામે આવેલા આહીર સમાજમાં તારીખ ૨૩ બપોરે અને ૨૪ ના રોજ સાંજે ફૂલ ડીશ જમણવારનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. દ્વારકા મુકામે નંદધામના રસોડામાં અમરેલી જિલ્લાના ખારા, ઢાંગલા, પીપળવા, સાજણટીબા, જારખિયા, મોણપુર, વડિયા, નાજાપુર, બરવાળા બાવીશી, આંબરડી, માલસીકા, બોરડી, ડાંગવદર, ભમ્મર, ધાંડલા, રાજુલા, લાઠી, ચાવંડ, સાવરકુંડલા, ખાંભા અને અમરેલી શહેરના આહીર સમાજના ૩૫૦ થી વધુ સ્વયંસેવકો એ સતત ત્રણ દિવસ રાત દિવસ જોયા વગર રસોડા વિભાગમાં સેવા આપી એક અનોખી સમાજ સમર્પણ સાથે સેવાની જયોત જગાવી હતી. આ સાથે અમરેલી જિલ્લાના પોલીસ કર્મીઓ, ડોકટર અને મીડિયા કર્મીઓ એ પણ પોતાની સેવા આ મહારાસના આયોજનમાં આપી અને સમગ્ર જિલ્લામાંથી બહેનાઓના રજીસ્ટ્રેશન, ડેમો રાસ, પહેરવેશ અને માર્ગદર્શન માટે પણ જિલ્લા અને તાલુકા લેવલે સ્વયંસેવક બહેનોએ મહેનત કરી પોતાનું યોગદાન આપ્યું હતુ અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મહત્વનું યોગદાન આપી અમરેલી જિલ્લાના આહીર સમાજના લોકોની ઉત્કૃષ્ટ નોંધ લેવાય તેવી કામગીરી કરી હતી. આ તકે અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયાનો સંપર્ક કરતા તેમને સમગ્ર એવું જણાવ્યું હતુ કે તમામ કાર્યમાં ઈષ્ટદેવ દ્વારકાધીશની અમીદ્રષ્ટિથી આયોજિત થયો હતો અને તેમની કૃપાથી પોતાની શકિત મુજબ અમરેલી જિલ્લાના આહીર સમાજના લોકોએ પોતાની સેવા આપી છે અને કાર્યક્રમને સફળ બનાવ્યો છે તેનો સંપૂર્ણ યશ અંતે અમારા ઈષ્ટદેવ દ્વારકાધીશની કૃપાથી જ થયું છે અમે ફકત તેમાં નિમિતે બન્યા એ અમારૂં સૌભાગ્ય છે.

સુરત ખાતે કરૂણાનંદ યુવા ક્રિકેટ દ્વારા આયોજિત સ્પર્ધા

અમરેલીની મહાદેવ સ્ટ્રાઈકર ક્રિકેટ ટીમ ફાઈનલ મેચમાં વિજેતા બની

ટીમનાં કેપ્ટન ઉપર અભિનંદન વર્ષા

સાવરકુંડલા, તા. ૨૬

શ્રી કરૂણાનંદ યુવા ક્રિકેટ ટીમ સુરત દ્વારા ડે – નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બરનાં રોજ સફળતા પુર્વકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટ માં ગુજરાત ભર થી ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. આનંદ, ઉત્સાહ અને જોશભર્યા વાતાવરણમાં યુવાનો અને સમાજને સંગઠિત અને ખેલદીલી શીખવતી આ પ્રવૃત્તિને ખરેખર નીહાળવા જેવી અને પ્રભાવિત કરે એવી હતી.આ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં બ્લેક પેન્થર અમદાવાદ અને મહાદેવ સ્ટ્રાઈકર– અમરેલીની ટીમ વચ્ચે ફાઈનલ રમાઈ હતી. તેમાં મહાદેવ સ્ટાઈકર અમરેલીનો ભવ્ય વિજય થયો હતો અને ચેમ્પીયન બની હતી. કેપ્ટન ગીરીશ સરવૈયા સુંદર રીતે ટીમને કેપ્ટનશીપ કરી હતી અને વાઈસ કેપ્ટન જય શેલાર– સાવરકુંડલા સુંદર દેખાવ કરી મેન ઓફ ધ સિરીઝ બનેલો હતો. મહાદેવ સ્ટ્રાઈકર કમલ શેલાર સાવરકુંડલા અને વિપુલ ભટ્ટીએ । શુભેચ્છા પાઠવી છે.

સા.કુંડલા : સનરાઈઝ સ્કૂલમાં નાતાલની ઉત્સાહભેર ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૬

સનરાઈઝ સ્કૂલમાં નાતાલની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા અવનવા ફલોટ્સ બનાવાયા હતા. સર્વધર્મ પ્રત્યે સમભાવની ભાવના ઉજાગર કરવાનો ઉત્તમ પ્રયાસ થયો હતો. બાળકોએ ઘરવપરાશની વધારાની ચીજ વસ્તુઓ એકઠી કરી ખૂબ જ સુંદર કૃતિઓ બનાવી. શાળાનાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપ ખુમાણ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

શિવ ભકતો માટે આવતીકાલ રાત્રી સુધી અનેરો ભકિત અવસર

જે નક્ષત્રમાં ભગવાન શિવ સૌ પ્રથમ બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રાગટય થયા તે નક્ષત્ર શરૂ

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૬

આજે તા. ૨૬ ડિસેમ્બર રાત્રે ૧૦:૨૦ તથી તા. ૨૭/૧૨/૨૦૨૩ રાત્રે ૧૧:૩૦ સુધી માગશર માસનું મહા આદ્રા નક્ષત્ર છે. આ ખૂબ જ મહત્વનો દિવસ છે. આ દિવસે ભગવાન શિવ ભગવાન બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતાં અને એ દિવસે લિંગની સૌપ્રથમ પૂજા ભગવાન બ્રહ્મા, વિષ્ણુએ કરી હતી એ દિવસથી જ ભગવાન શિવનાં લિંગ સ્વરૂપની પૂજા શરૂ થઈ. આ વખતે આ નક્ષત્ર તા. ૨૬ રાત્રી થી ૨૭ રાત્રીનું છે, માટે બધાંએ શિવ પૂજા કરવી, શિવ દર્શન કરવા મંદિરે જવું, એ દિવસે શિવલિંગનાં દર્શનનું કહી જ ના શકાય એટલું મહત્વ છે. બની શકે તો સમગ્ર શિવ પૂજા અર્ચના કરવી, આરતી કરવી, મહાદેવને પ્રસાદી અર્પણ કરવી અને મંદિરમાં ૧૧, ૨૧, ૫૧ કે ૧૦૮ દીપ પ્રગટાવવા અને મંદિરમાં ના જઈ શકો તો પોતાના ઘરે પણ પ્રગટાવવા. આ દિવસે દીપ પ્રગટાવવાનું પણ ખૂબ જ મહત્વ છે.

આ દિવસે શિવલિંગની પૂજા કરવાથી ૧૦૦ મહાશિવરાત્રીની પૂજાનું ફળ પ્રાપ્ત થાય છે માટે બધાંએ આ દિવસે અવશ્ય શિવ દર્શન પૂજન કરવું અને બધાને આ મહા આદ્રા નક્ષત્ર વિશે જાણ કરવી આ દિવસનું ખૂબ જ મહત્વ છે. આ જાણકારી આપનાર છે, સમગ્ર મેઘવાળ,વણકર સમાજનાં અતિ વિદ્વાન, સંસ્કૃત અને જયોતિષ વિદ્યાનાં પ્રખર પંડિત ગોર મહારાજ રાજા દાદા ધમલ.

રાજુલા ધારનાથ મહાદેવ મંદિરે પૂજન તેમજ મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા. ૨૬

વર્ષો બાદ અયોધ્યા નગરીમાં શ્રી રામ ભગવાનનાં વિશ્વ મંદિરનું નિર્માણ અંતિમ તબક્કામાં પૂર્ણ થઈ રહ્યું છે અને ૨૨ જાન્યુઆરી ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવણી છે. ત્યારે રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કળશ યાત્રા યોજવામાં આવી રહી છે સમગ્ર રાજુલા શહેરમાં વિવિધ વિસ્તારનાં પ્રતિનિધિઓને આ કળશની જવાબદારીઓ સોંપવામાં આવી છે ત્યારે રાજુલામાં ૨૭/૧૨/૨૦૨૩ બુધવાર સાંજે ૯:૦૦ કલાકે ધારનાથ મહાદેવ મંદિર અયોધ્યા રામ મંદિરથી આવેલ કળશ અને અક્ષત(ચોખા)નું પૂજન અને મહાઆરતીનો કાર્યક્રમ રાખેલ હોઈ ત્યારે દરેક ધર્મપ્રેમી જનતા ખાસ પોતાના ઘરેથી આરતી લઈ આ મહાઆરતીમાં ભાગ લેવાનું જણાવવામાં આવેલ છે.

અમરેલી ખાતે પટેલ વિધાર્થી આશ્રમ દ્વારા સ્વ.હેમંતભાઈને શ્રદ્ધાસુમન અર્પણ

અમરેલી કન્યા કેળવણીનાં પ્રખર હિમાયતી અને પટેલ બોર્ડીંગ, પટેલ કન્યા વિદ્યાલયના આદ્યસ્થાપક સહકારી આગેવાન સ્વ. દ્વારકાદાસભાઈ મોહનભાઈ પટેલ (ડી.એમ.પટેલ) ના સુપુત્ર હેમતભાઈ દ્વારકાદાસભાઈ પટેલનું નિધન થતા તા.૨૫/૧૨/૨૦૨૩ સોમવારનાં કેરીયા રોડ, પટેલ કન્યા છાત્રાલયમાં સદગતની શ્રધ્ધાજલિ સભા અને બેસણું તેમના પરિવારજનો સિધ્ધાર્થ હેમતભાઈ પટેલ, કનુભાઈ દ્વારકાદાસભાઈ પટેલ, હર્ષાબેન હેમતભાઈ પટેલ, નલીનીબેન દિનેશભાઈ પટેલ, ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સઘાણીની ઉપસ્થિતીમાં અમરેલી શહેરનાં લેઉવા પટેલ સમાજ ખોડલધામ, સરદારધામ, પટેલ વિદ્યાર્થી આશ્રમનાં સભ્યો, સમાજનાં જુદા જુદા અગ્રણીઓ દ્વારા સ્વ. હેમતભાઈને પુષ્પાજલિ અર્પી શોક વ્યકત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સહકારી અગ્રણી મનીષભાઈ સઘાણી,જયતિભાઈ પાનસુરીયા, અરૂણભાઈ પટેલ, અશ્વિનભાઈ સાવલીયા, ડો.આર.એસ.પટેલ, વસંતભાઈ ગજેરા, બેચરભાઈ ભાદાણી, દિનેશભાઈ ભુવા, પી.પી. સોજીત્રા, ડો.આર.એસ.પટેલ, વસતભાઈ ગજેરા, બેચરભાઈ ભાદાણી, દિનેશભાઈ ભુવા, પી.પી. સોજીત્રા, શભુભાઈ દેસાઈ, વસતભાઈ ગજેરા, બેચરભાઈ ભાદાણી,દિનેશભાઈ ભુવા, પી.પી. સોજીત્રા, શભુભાઈ દેસાઈ, ડી.કે.રૈયાણી, જે.એમ. તળાવીયા, પ્રફુલભાઈ સેજલીયા, કાળુભાઈ ભડેરી, કાતીભાઈ સાતાસીયા, કાળુભાઈ રૈયાણી, ભરતભાઈ ચૌહાણ, ડો.લલીતભાઈ પટેલ, જે.જે.વઘાસીયા, બી.એસ.કોઠીયા, એચ.એલ.પટેલ, હરીભાઈ સાગાણી, હરીભાઈ ગજેરા, ખોડાભાઈ સાવલીયા, હાર્દિકભાઈ સેજલીયા, રાજેશભાઈ માંગરોળીયા, બાવાલાલ મોવલીયા, ગોપાલભાઈ અટાળા, શૈલેષભાઈ સઘાણી, કાળુભાઈ કાછડીયા, દકુભાઈ ભુવા, દિપકભાઈ માલાણી, મીનેશભાઈ બાભરોલીયા, હિરેનભાઈા બાભરોલીયા, કાળ ભાઈપાનસુરીયા, મનુબાપા દેસાઈ, મેહુલભાઈ ધોરાજીયા, જગદીશભાઈ તળાવીયા, નરેશભાઈ સાપરીયા, દયાળભાઈ સઘાણી, દિનેશભાઈ સાવલીયા, લાલભાઈ દેસાઈ, સાગાભાઈ સાવલીયા, બાલાભાઈ વઘાસીયા, એ.પી.બોરડ, દલસુદભાઈ દુધાત, મનસુખભાઈ ધાનાણી, એમ.કે.સાવલીયા, ચતુરભાઈ ખુંટ, ડો.જી.જે.ગજેરા, ભરતભાઈ સુતરીયા તેમજ સદગતનાં રાજસ્થળીથી તેમના પરિવારજનો ઉપસ્થિત રહયા હતા. અને સદગતને પુષ્પાજલિ અર્પી શ્રધ્ધાસુમન વ્યકત કર્યા હતા.

થોડા દિવસો સુધી ગુમસુમ રહ્યાં બાદ મોત વ્હાલુ કર્યું

ધારીનાં કુબડા ગામનાં યુવકે પ્રેમરોગનાં કારણે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ ઉભો થયો

અમરેલી, તા. ૨૬

ધારી તાલુકાનાં કુબડા ગામે રહેતા ગોપાલ અનુભાઈ ધનજીભાઈ વાઘેલા નામના ૨૨ વર્ષિય યુવકને છેલ્લા એકાદ વર્ષથી કોઈ સ્ત્રી/છોકરી સાથે પ્રેમ સબંધ હોય અને તેની સાથે ફોનમાં વાતચીત કરતો અને તે બન્ને વચ્ચે પ્રેમ સબંધ હોય અને થોડા સમયથી ગુમસુમ રહેતો હોય કોઈ સાથે વાત ચીત કરતો ન હોય જેથી આ પ્રેમ પ્રકરણનાં કારણે તેને મનમાં લાગી આવતા પોતે પોતાનાં મેળે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયું હતું.

‘‘સ્વચ્છતા હી સેવા’’ જેવા કાર્યક્રમો વચ્ચે કડવી વાસ્તવિકતા

જાફરાબાદનાં સામાકાંઠાનાં તલાવડી વિસ્તારમાં ભયાનકપણે ગંદકીનો માહોલ હોય રોગચાળાનો ખતરો

પાલિકાનાં શાસકો જનહિતમાં યુધ્ધનાં ધોરણે સફાઈકાર્ય કરે તેવી માંગ


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદના સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં ખદબદતી ગંદકી પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીઓના ધ્યાન ઉપર આવતું નથી. દૈનિક સમાચારપત્રમાં આ બાબતે અવાર–નવાર અહેવાલ રજુ થતા હોય પરંતુ સાફ સફાઈ માત્રને માત્ર થોડો ઘણો કચરો ટ્રેક્ટર દ્વારા ઉપાડી અને બીજો ગંદવાડો મુકીને નાટક કરી ચાલ્યા જાય છે. તેમજ બાલકૃષ્ણ સોસાયટીની બાજુમાં આવેલ ભૂતડાદાદાના મંદિરની બાજુમાં પણ ખડકાયો ઉકરડો

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી હિતરક્ષક સમિતિએ કરી માંગ

અમરેલીનાં ઐતિહાસિક અને ગૌરવવંતા ટાવરની ઘડિયાળ શરૂ કરવા માંગ

પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૨૬

અમરેલી હિતરક્ષક સમિતિનાં યોગેશ કોટેચા, હરેશ સાદરાણી સહિતનાં આગેવાનોએ પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીનાં હાર્દસમા અમરેલીની આન, બાન, શાન એવો ગાયકવાડી રાજનો પુરાતન ને ઐતિહાસિક ટાવરને રીપેરીંગ, રંગરોગાન તેમજ મુખ્ય ઘડિયાળ વર્ષોથી બંધ હાલતમાં છે તે ચાલું કરી ૨૧મી સદીની આધુનિક ઘડિયાળ લગાવી ફરી ટંકોરાના રણકારનો અવાજ આવે અને ટાવરની મરામત કરવી તેમજ ભવ્ય લાઈટીંગ કરવું જરૂરી છે. રાજમહેલ પણ ઐતિહાસિક હોય તેનું મરામત ચાલું થનાર હોય તેની સાથે અમરેલીના પુરાતન ઐતિહાસિક ટાવરની મરામત કરવા અંતમાં માંગ કરેલ છે.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL

આંખના પડદાના નિષ્ણાત સર્જન હવે... આપના અમરેલી માં

ડો. આશિષ ખોડીફાડ
(DO, DNB, FVRS)

ભાવનગરના આંખના પડદાના નિષ્ણાત સર્જન હવે દર મહિનાના ચોથા બુધવારે અમરેલી માં મળશે

સ્થળ: રાધિકા હોસ્પિટલ
તારીખ : ૨૭/૧૨/૨૦૨૩ બુધવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦

કેવા દર્દીઓએ આંખના પડદાની તપાસ કરાવવી જોઈએ?
- આંખ સામે કાળા મચ્છર ફરતા હોય એવું લાગવું
- આંખમાં વિજળીના ચમકારા થવા
- દ્રષ્ટિ એક બાજુથી કપાવી
- અચાનક દ્રષ્ટિ ઘટી જવી.
- ચશ્માના નંબર વધારે હોવા
- આંખની સામે કાળુ ધાબુ દેખાવુ
- વાંકુ-ચૂકું દેખાવું
- ડાયાબિટિસ અથવા બ્લડ પ્રેશર હોવુ
- આંખની કોઈપણ પ્રકારની ઈજા થવી
- આંખ વારંવાર લાલ થવી / વારંવાર સોજો આવી જવો
- જન્મ સમયે બાળકનું વજન ઓછું હોવું / બાળકનો જન્મ અધુરા માસે હોવો

વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦

ખુબ ખુબ અભિનંદન
શ્રી જે.આર. વાળા
સેક્રેટરીશ્રી
અમરેલી જિલ્લા વકીલ મંડળ - અમરેલી.

તાજેતરમાં યોજાયેલ અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણીમાં એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબની સેક્રેટરી તરીકે વરણી થવા બદલ આપ સાહેબને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...

: શુભેચ્છક :
શ્રી જયેશભાઈ ત્રિવેદી (એડવોકેટ)
શ્રી મીલાપભાઈ ત્રિવેદી (એડવોકેટ)
શ્રી અર્જુનભાઈ કાકડીયા (એડવોકેટ)
: અમરેલી :

OPPO A59 5G
5G FOR ALL
- Glowing Silk Design
- 90Hz Sunlight Display
- 33W SUPERVOOC™
Starting at ₹14,999
Sale Starts on 25th Dec.
Special PreBooking Gift Soft Winter Quilt WORTH ₹900/- FREE
UP TO ₹1500 CASHBACK* I NO COST EMI UP TO 6 MONTHS
T & C Apply.
શ્રીજી મોબાઈલ
૭-૮, રાજકમલ ચોક, મ્યુનીસીપલ શોપીંગ સેન્ટર, નાના બસ સ્ટેન્ડ ચોક, અમરેલી.
હાર્દિક સેંજલીયા
મો. ૯૮૨૫૫ ૪૯૯૯૧

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ, ઉતમ પ્રોડકટ એજ અમારી ઓળખ !
0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસીક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HOME CREDIT FINANCE | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

Sheetal
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli. 10:00am to 11:00pm

એનીવર્સરી કાર્નિવલ
મેગા એકઝીબીશન સેલ
વર્ષનાં સૌથી સસ્તા સાત દીવસ
સરળ માસીક હપ્તે વસાવો
5%* થી 50%* સુધીનું ભવ્ય ડીસ્કાઉન્ટ
ફાઈનાન્સ તથા કેડીટ કાર્ડ પર આકર્ષક કેશબેક
21 થી 27 ડીસે.2023
સવારે 9 થી રાત્રે 9 સુધી
એક્ષચેંજ ઓફર
0% વ્યાજદર

SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસ ની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
• LED TV • Sound Devices • Air Conditioner
• Refrigerators • Washing Machines
• Washer & Dryer • Vacuum Cleaners
• Dishwashers • Microwave Oven • Air Purifier

NATRAJ
Gharelu Aatachakki
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
ફુલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
Fully Automatic Domestic Flourmill (Aatamaker)
Auto clean With Inbuilt Vacuum Cleaner

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES

Ms ISO 9001 : 2015 CERTIFIED
મેહુલ સેલ્સ & સર્વિસ
પાટીદાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેશન પાસે, બાબરા.
મો. ૯૯૨૫૯ ૩૩૩૫૯

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)